અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૬ ડિસેમ્બર ૨૦૨૩, મંગળવાર
વિક્રમ સંવત ૨૦૮૦, માગસર સુદ પૂનમ

વર્ષ : ૧૫
અંક : ૧૪૬

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ઈઝરાયલી સેનાએ રવિવારે માહિતી આપી હતી કે હુમલા દરમિયાન હમાસના ઠેકાણાઓની પણ તપાસ કરવામાં આવી

# ઈઝરાયલે હમાસના ૨૦૦ ઠેકાણાઓ પર કર્યા હુમલા, ૧૬૬ના મોત

### ઈઝરાયલની સેનાએ કહ્યું કે દરાજ-તુફાહમાં ઓપરેશન દરમિયાન એક સ્કૂલની તપાસ કરવામાં આવી હતી જ્યાંથી મોટી સંખ્યામાં હથિયારો મળી આવ્યા હતા

। નવી દિલ્હી, તા.૨૫ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલ યુદ્ધ અટકવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. દરમિયાન, ઈઝરાયલી દળોએ ૨૪ કલાકની અંદર ગાઝામાં હમાસના ૨૦૦ ટાર્ગેટ પર હુમલો કર્યો હતો. આ હુમલાઓમાં પેલેસ્ટાઈનના ૧૬૬ લોકો માર્યા ગયા છે. ઈઝરાયલી સેનાએ રવિવારે માહિતી આપી હતી કે હુમલા દરમિયાન હમાસના ઠેકાણાઓની પણ તપાસ કરવામાં આવી હતી. સૈનિકોએ હમાસના ઠેકાણાઓ પરથી મોટી સંખ્યામાં શસ્ત્રો અને દારૂગોળો જપ્ત કર્યો છે. દરમિયાન ગાઝાના આરોગ્ય મંત્રાલયે દાવો કર્યો હતો કે ઈઝરાયલના હુમલામાં ઓછામાં ઓછા ૧૬૬ પેલેસ્ટાઈનિઓના મોત થયા છે ૩૮૪ ઘાયલ થયા હતા. તેણે એવો પણ દાવો કર્યો છે કે યુદ્ધ દરમિયાન ૧૪ ઈઝરાયલ સૈનિકો પણ માર્યા ગયા હતા. ઈઝરાયલી સૈન્યએ રવિવારે જણાવ્યું હતું કે ઉત્તરી ગાઝામાં રહેણાંક મકાન વાસ્તવમાં હમાસના શસ્ત્રોનું વેરહાઉસ હતું. સર્ચ દરમિયાન સૈનિકોએ વિસ્ફોટકો, સેંકડો ગ્રેનેડ અને ગુપ્તચર દસ્તાવેજો જપ્ત કર્યા હતા. આ ઈમારત શાળાઓ, ક્લિનિક અને મસ્જિદની બાજુમાં હતી. ઈઝરાયલની સેનાએ કહ્યું કે દરાજ-તુફાહમાં ઓપરેશન દરમિયાન એક સ્કૂલની તપાસ કરવામાં આવી હતી જ્યાંથી મોટી સંખ્યામાં હથિયારો મળી આવ્યા હતા. તેમાં રોકેટ અને અન્ય સાધનોનો સમાવેશ થાય છે, જે હમાસના નેવલ કમાન્ડો યુનિટના હતા. ઉત્તરી ગાઝામાં અન્ય એક ઓપરેશન દરમિયાન સૈનિકોએ મોટી સંખ્યામાં આતંકવાદીઓની ઓળખ કરી જેઓ લશ્કરી થાણું છોડી રહ્યા હતા.

**સેનાએ હવાઈ હુમલા કરીને ઈમારત અને આતંકીઓને નષ્ટ કરી દીધા**



સેનાના પ્રવક્તા રિયર એડમિરલ ડેનિયલ હગારીએ શનિવારે રાત્રે મીડિયાને જણાવ્યું કે યુદ્ધની શરૂઆતથી સૈનિકોએ ૩૦ હજારથી વધુ વિસ્ફોટક ડિવાઇસ જપ્ત કર્યા છે. જેમાં એન્ટી ટેક્ન મિસાઈલ અને રોકેટ સામેલ છે. તેમણે કહ્યું, ગાઝામાં મોટી સંખ્યામાં હથિયારો છે. ઈઝરાયલે ઉત્તર ગાઝા પર લગભગ ફરીથી નિયંત્રણ મેળવી લીધો હોવાનો દાવો કર્યો હતો અને અન્ય વિસ્તારોમાં હમાસના આતંકવાદીઓ વિરુદ્ધ અભિયાન ચલાવવાની યોજના બનાવી રહ્યું હતું. બીજી તરફ વ્હાઇટ હાઉસે કહ્યું કે રાષ્ટ્રપતિ જો બાઇડન ઇઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે યુદ્ધ અંગે ચર્ચા કરી હતી. બાઇડને નાગરિકો અને માનવતાવાદી સહાયને ટેકો આપતા લોકોની સુરક્ષાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.





વડાપ્રદાન નરેન્દ્ર મોદીએ પૂર્વ પીએમ અટલ બિહારી વાજપેયીને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર લખ્યું, દેશના તમામ પરિવારના સભ્યો વતી, પૂર્વ વડાપ્રધાન આદરણીય અટલ બિહારી વાજપેયીજીને તેમની જન્મજયંતિ પર મારી હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ.



**ન્યૂઝ બ્રિફ**

## સુરતમાં એક જ દિવસમાં પાંચ લોકોના મોત થયા



। સુરત, તા.૨૫ ।

હાલમાં ગુજરાતમાં હાર્ટ એટેકથી નાની વયે મોતના કિસ્સા સતત વધી રહ્યા છે. ત્યારે સુરતમાં જુદા જુદા જુદા બનાવમાં એક જ દિવસમાં પાંચ લોકોના મોત થયા છે. પાંડેસરા, હજીરા અને પુણા વિસ્તારમાં પાંચ વ્યક્તિઓ અચાનક જ ઢળી પડ્યાના સમાચાર મળ્યા છે. જે લોકોના મોત થયા છે તે તમામની ઉંમર ૨૦ થી ૪૦ વર્ષની વચ્ચે હોવાનું સામે આવ્યું છે. આ તમામ લોકોના મોત હાર્ટ એટેકથી થયું હોવાની આશંકા છે. છેલ્લા ઘણા સમયથી આ પ્રકારની મોતનો સિલસિલો યથાવત છે. ક્ષમતા કરતા વધુ કામ કરવાથી હૃદય પર ભારણ આવતા આવા બનાવો બને છે. હાર્ટ એટેક અંગે જાહેર કરવામાં આવેલ સરકારી ડેટા ચેતવણી આપનારો છે. આજે ખરાબ જીવનશૈલી અને ખાનપાનને કારણે હાર્ટ એટેકનો ખતરો ઝડપથી વધી રહ્યો છે. ભારતમાં છેલ્લા ત્રણ વર્ષમાં હાર્ટ એટેકથી મૃત્યુ પામનારાઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. નિષ્ણાતોના મતે, કોવિડ ૧૯ પછી હૃદય રોગનું જોખમ અનેકગણું વધી ગયું છે. NCRB દ્વારા બહાર પાડવામાં આવેલા નવા ડેટા અનુસાર, માત્ર પાછલા વર્ષ ૨૦૨૨માં જ હાર્ટ એટેકના કેસોમાં ૧૨.૫% નો વધારો થયો છે. સરકારી આંકડા અનુસાર, ૨૦૨૨માં હાર્ટ એટેકના કારણે ૩૨,૪૫૭ લોકોના મોત થયા હતા, જ્યારે ૨૦૨૧માં હાર્ટ એટેકના કારણે ૨૮,૪૧૩ લોકોના મોત થયા હતા. એક અહેવાલ મુજબ, ૨૦૨૨માં જ હાર્ટ એટેક અચાનક મૃત્યુનું ગંભીર કારણ બની ગયું છે. ૨૦૨૦ માં, ૨૮,૫૭૯ લોકો મૃત્યુ પામ્યા હતા પરંતુ ૨૦૨૧ માં આ સંખ્યા ઘટીને ૨૮,૪૧૩ પર પહોંચી હતી પરંતુ ૨૦૨૨ માં તે ફરી વધી અને સંખ્યા વધીને ૩૨,૪૫૭ થઈ ગઈ.

# સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં એક જ દિવસમાં ૮૦ હજાર લોકો ઉમટી પડ્યા

### સ્ટેચ્યુ ઓફ યુનિટી, તેને સંલગ્ન અન્ય પ્રોજેક્ટો, નર્મદા ડેમ સહિતના આકર્ષણો નિહાળવા મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડ્યા હતા









। અમદાવાદ, તા.૨૫ ।

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પ્રવાસીઓની ભીડ જામી રહી છે. મીની વેકેશનના પહેલાં દિવસે શનિવારે ૫૦ હજારથી વધુ પ્રવાસીઓ નોંધાયા હતા. જયારે રવિવારના દિવસે ૮૦ હજાર પ્રવાસીઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ઉમટી પડ્યા હતા. આજે સોમવારે પણ જાહેર રજા હોય અને નાતાલનો પર્વ છે ત્યારે આજે પણ ૫૦ હજારથી વધુ પ્રવાસીઓ આવવાની શક્યતાઓ જોવા મળી રહી છે.

રવિવારે એક જ દિવસમાં ૮૦ હજારથી વધુ પ્રવાસીઓ ઉમટ્યા હતા. મિની વેકેશન હોવાથી શનિ અને રવિવાર એમ બે દિવસ દરમિયાન એક લાખ ૨૦ હજાર મુલાકાતીઓ નોંધાયા હતા. પ્રવાસીઓના ધસારાને જોતા આજે સોમવારે પણ સ્ટેચ્યૂ ઓફ યુનિટી પ્રવાસીઓ માટે ખુલ્લુ રહેશે. સામાન્ય રીતે દર સોમવારે મેઈન્ટેનન્સ માટે બંધ રાખવામાં આવે છે. પણ નાતાલનો તહેવાર હોવાથી પ્રવાસીઓ માટે સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખુલ્લુ રહેશે.

એસટી વિભાગે પણ વધારાની બસો દોડાવવા આયોજન કર્યું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી, તેને સંલગ્ન અન્ય પ્રોજેક્ટો, નર્મદા ડેમ સહિતના આકર્ષણો નિહાળવા મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડ્યા હતા. નોંધનીય છે કે વિશ્વની સૌથી ઊંચી સરદાર



પટેલની પ્રતિમા, સ્ટેચ્યુ ઓફ યુનિટી બન્યા બાદ તે દેશ-દુનિયામાં પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બની છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી વ્યુઈંગ ગેલેરીમાંથી નર્મદા નદી પરનો સરદાર સરોવર ડેમ જોવાનો આનંદ પ્રવાસીઓ ખૂબ માણે છે. દિવસેને દિવસે પ્રતિમા જોવા માટે હજારોની સંખ્યામાં પ્રવાસીઓ એકતા નગર ખાતે આવી રહ્યા છે.

નાતાલના તહેવારમાં ગિરનાર,સાસણ સહિતના સૌરાષ્ટ્રના પ્રવાસન સ્થળો પર પણ પ્રવાસીઓની ભીડ ઉમટી હતી. સાસણમાં ૧૧૦૦,દેવળિયા સફારીપાર્કમાં પાંચ હજાર પ્રવાસીઓ ઉમટ્યા હતા. ગિરનારમાં પણ મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટ્યા



હતા. ૬૫૦૦ યાત્રિકોએ રોપ વેની સફર માણી હતી. અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલનો આજથી પ્રારંભ થશે. ૩૧ ડિસેમ્બર સુધી ચાલનારા કાંકરિયા કાર્નિવલને મુખ્યમંત્રી ભૂપેંદ્ર પટેલના હસ્તે પ્રારંભ કરાશે. આ વખતે વસુધૈવ કુંટુંમ્બકમ-એક ધરતી એક પરિવારની થીમ પર કાર્નિવલ યોજાશે. તો રાત્રે વિકસિત ભારત સંકલ્પ થીમ પર લેસર શોનું આયોજન કરાયું છે. કાર્નિવલમાં ૩ ભવ્ય સ્ટેજ બનાવવામાં આવ્યા છે. જેમાં લોકસંગીતકારો અને હાસ્ય કલાકારો લોકોનું મનોરંજન કરશે. તો સુરક્ષા વ્યવસ્થાને લઈને પણ પોલીસે એક્શન પ્લાન કર્યો છે. જેમાં ૨ ડીસીપી, ૫ એસીપી, ૧૪ પીઆઇ, ૬૬ પીએસઆઈ, ૯૬૩ પોલીસ જવાનો, ૨૦૦ મહિલા પોલીસ, ૧૫૦ હોમગાર્ડ જવાનો સહિત ૧૩૦૦ પોલીસ જવાનો બંદોબસ્તમાં હાજર રહેશે.

### બારડોલીમાં ૨ ભાઈઓ વચ્ચે તલવારો ઉડી

## બનાસકાંઠામાં તોફાની તત્વોએ લાકડી-ધોકા વડે ટોલ પ્લાઝા પર હુમલો કર્યો

### પોલીસે તલવાર લઈને નીકળેલા ત્રણની અટકાયત કરી

। સુરત, તા.૨૫ ।

રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી અસામાજીક તત્વોનાં કારણે અન્ય લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જેમાં સુરતનાં બારડોલીમાં બોલાચાલી થતા તલવાર લઈને બહાર નીકળતા થોડીવાર માટે સમગ્ર વિસ્તારમાં અરાજકતા વ્યાપી જવા પામી હતી. બનાસકાંઠામાં ટોલ પ્લાઝા પર કેટલાક અસામાજીક તત્વો દ્વારા તોડફો કરી ફરાર થઈ જતા પોલીસે અસામાજીક તત્વોને પડકી પાડી તેઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સુરતનાં બારડોલીમાં આશિયાનાનગરમાં અસામાજીક તત્વોનો આતંકથી લોકો પરેશાન થયા હતા. બે ભાઈ વચ્ચેનાં ઝઘડાને કારણે બબાલ થઈ હતી. બોલાચાલી થતા તલવાર લઈને બહાર નીકળતા લોકો વચ્ચે પડ્યા હતા. આ અંગે બારડોલી ટાઉન પોલીસે તલવાર લઈને નીકળેલા ત્રણ શખ્સોની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. બનાસકાંઠાના પાલન પુર સ્થિત ખેમાણાના ટોલપ્લાઝ પર તોફાની તત્વોનો આતંક જોવા મળ્યો હતો. ટોલ આપવા જેવી નજીવી બાબતે બબાલ કરીને ટોળાએ ટોલકર્મી પર હુમલો કર્યો.

લાકડી અને ધોકા વડે હુમલો કરી ટોલપ્લાઝામાં તોડફોડ કરી હુમલાખોર પલાયન થઈ ગયા હતા. હુમલામાં ટોલકર્મી ઈજાગ્રસ્ત થયો જેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો. જીવલેણ હુમલાથી ઘટના ઝઝૂફમાં કેદ થઈ. હતી. તાલુકા પોલીસે ફરિયાદ નોંધીને તપાસ હાથ ધરી છે.

### ગિફ્ટ સિટીમાં દારૂની છૂટનો વિરોધ

## સુરતમાં દારૂની બોટલો સાથે રસ્તા વચ્ચે બેસીને નારાઓ લગાવાયા

### સુરતમાં સ્વાભિમાન સંગઠન સંસ્થાના આગેવાનો દ્વારા ગુજરાત સરકારના નિર્ણયનો ખુલ્લો વિરોધ કરવામાં આવ્યો હતો

। સુરત, તા.૨૫ ।

ગિફ્ટ સિટીમાં દારૂ છૂટના નિર્ણય સામે વિરોધ વ્યક્ત કરવા જતા કાયદો જ તોડ્યો હોવાનું સામે આવ્યું છે. ગિફ્ટ સિટીમાં દારૂની છૂટછાટના નિર્ણય સામે સુરતમાં સ્વાભિમાન સંગઠને વિરોધ પ્રદર્શન કર્યું છે.

સંસ્થાના આગેવાન કિરીટ વાઘેલા સહિતના સભ્યોએ ભાગળ ચાર રસ્તા પર વિરોધ કર્યો હતો. દારૂની બોટલો સાથે રસ્તા વચ્ચે બેસીને નારાઓ લગાવાયા હતા. ઘટનાની જાણ થતા પોલીસે પ્રદર્શન કરનારાઓને અટકાવ્યા હતા. સુરતમાં સ્વાભિમાન સંગઠન સંસ્થાના આગેવાનો દ્વારા ગુજરાત સરકારના નિર્ણયનો ખુલ્લો વિરોધ કરવામાં આવ્યો હતો. આગેવાન કિરીટ વાઘેલા દ્વારા વિરોધ કરાયો હતો. સુરતના ભાગળ ચાર રસ્તા વિસ્તારમાં દારૂની બોટલો સાથે વિરોધ કરાયો હતો. સાથે જ નારા



લગાવ્યા હતા, જ્યારે પોલીસે તમામને અટકાવ્યા હતા. શહેરની ગિફ્ટ સિટીમાં વાઈન એન્ડ ડાઈન સુવિધાના પ્રોહિબિશનના નિયમોમાં ફેરફાર કરવાનો નિર્ણય કરાયો છે. ગાંધીનગરમાં વાઈન એન્ડ ડાઈનની સુવિધા આપનારી હોટલ્સ, રેસ્ટોરાં અને ક્લબમાં દારૂનું સેવન કરી શકાશે. આ મુદ્દો હાલ ગુજરાતમાં ચર્ચાનો વિષય બન્યો છે. આ વિષ્ય ઘરથી માંડીને રસ્તા સુધી અને રાજકારણમાં પણ મુદ્દો ચર્ચાઇ રહ્યો છે. સાથે જ સુરત, મોરબી અને રાજકોટમાં પણ આવી માંગ ઉઠી છે. રાજ્ય સરકારે આપેલી માહિતી પ્રમાણે, ગિફ્ટ સિટી વિસ્તારમાં આવતી હોટલ્સ, રેસ્ટોરાં કે ક્લબે પોતાને ત્યાં વાઈન એન્ડ ડાઈન સુવિધા પૂરી પાડવા માટે એફ. એલ.૩ પરવાના મેળવવાના રહેશે. વાઈન એન્ડ ડાઈન સુવિધા પૂરી પાડનાર એકમ દારૂ પીવડાવી શકશે પરંતુ તેનું વેચાણ નહીં કરી શકે એ સ્પષ્ટતા કરવામાં આવી છે.

## સિદસર ઉમિયાધામના પ્રમુખના રાજીનામાને લઈ વિવાદ વકર્યો

। રાજકોટ, તા.૨૫ ।

રાજકોટમાં સમાજની વ્યાપક બદનામીના મુખ્ય મુદ્દા સાથે પાટીદાર અગ્રીઓએ સંમેલન યોજ્યું હતું. સંમેલનમાં મનોજ પનારા સાથે ભરત લાડાણી જેમની ઓડિયો ક્લિપ વાયરલ થઈ હતી. તેઓએ પણ ભાગ લીધો હતો.શહેરની આરવી સ્કૂલ ખાતે મહત્વની બેઠક મળી હતી. જેમાં મોરબીમાં ઝડપાયેલા નકલી ટોલનાકામાં સિદસરના ઉમિયાધામ પ્રમુખ જેરામ પટેલના પુત્ર અમરશીની સંડોવણી સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. રાજકોટમાં કડવા પાટીદાર સમાજની મહત્વની બેઠક મળી હતી. બેઠકમાં સમાજની બદનામી સહિતના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા થઈ હતી. ખાસ કરીને સિદસર સ્થિત ઉમિયાધામની બેઠક કે જે ૬ જાન્યુઆરીના રોજ મળવાની છે. જેમાં પ્રમુખ પદેથી જેરામ પટેલ રાજીનામુ આપે તેવી ચર્ચા ચાલી રહી છે. જેને ધ્યાને લઈને આજની બેઠકમાં આંદોલનના કાર્યક્રમ પર હાલ પુરતી રોક મુકવામાં આવી છે. જો કે, રાજીનામુ નહીં આપે તો સૌરાષ્ટ્રભરના ૨૨ તાલુકામાં બેઠક યોજાશે. સાથે જ જેરામ પટેલના રાજીનામાને સોશિયલ મીડિયા પર પોસ્ટ પણ કરવામાં આવશે. રાજીનામુ નહીં આપે તો આગામી દિવસોમાં ઉપવાસઆંદોલનનીચિમકીપણઉચ્ચારીહતી.જેરામ પટેલના કાર્યકાળના ૧૩ વર્ષના હિસાબની પણ માંગ કરાશે. સૌરાષ્ટ્રના સિદસર ઉમિયાધામના પ્રમુખના રાજીનામાનો વિવાદ વધુ વકર્યો છે. ઉમિયાધામના પ્રમુખ જેરામ પટેલના રાજીનામા મુદ્દે પાટીદાર સમાજના ૨ જૂથ સામસામા આવી ગયા છે. મનોજ પનારા જૂથે જેરામ પટેલના રાજીનામાની માંગ કરી છે. જૅઁના પ્રમુખ લાલજી પટેલે જેરામ પટેલનુ સમર્થન કરી રાજીનામાની વાતને વખોડીને દીકરાની ભૂલ પિતા શા માટે ભોગવે તેવો સવાલ ઉઠાવી ગણતરીના લોકોનો વિરોધ ચાલી ન શકે તેવુ નિવેદન કરતા વિવાદ વધુ વકરે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. જેરામ પટેલના દીકરાએ ભૂલ કરી છે પિતાએ નહીં તેમ જણાવી ગણતરીના લોકોનો વિરોધ ન ચાલી શકે તેવુ લાલજી પટેલે નિવેદન કરતાં બંને જૂથ સામસામા આવી ગયા છે.

### રાજકોટમાં ડમ્પર અને રિક્ષા વચ્ચે અકસ્માત

## રાજકોટ શહેરડમાં મ્પર અને રિક્ષા વચ્ચે અકસ્માતમાં પિતા-પુત્રનું મોત

। અમદાવાદ, તા.૨૫ ।

રાજકોટમાં ડમ્પર અને રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. મળતી જાણકારી અનુસાર, રાજકોટમાં ડમ્પર અને રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાતા પિતા અને પુત્રનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

શહેરના કુવાડવા રોડ પર ગ્રીનલેન્ડ ચોકડી પાસે રિક્ષા અને ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અચાનક રિક્ષા વચ્ચે આવી જતા ડમ્પર સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં પિતા-પુત્રનું સ્થળ પર મોત થયુ જ્યારે અન્ય ચાર લોકોને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિકના જામના દ્રશ્યો સર્જાયા હતા. રાજકોટ શહેરના કુવાડવા રોડ પર ગ્રીનલેન્ડ



ચોકડી પાસે રવિવારના સાંજે ૬:૧૫ વાગ્યાના અરસામાં રિક્ષા અને ડમ્પર ચાલક વચ્ચે અકસ્માત સર્જાતા પિતા પુત્રના મૃત્યુ નીપજ્યું હતું. ૪૪ વર્ષીય પ્રવીણભાઈ ગરસોંધિયા અને ૧૮ વર્ષ પુત્ર મયંક ગરસોંધિયાનું મૃત્યુ થયું છે. જ્યારે કે પતિ પત્ની સહિત ચાર અન્ય ઈજાગ્રસ્ત થયા હતા. ઘટનાની જાણ થતા બી ડિવિઝન પોલીસ સ્ટેશનનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. ઈજાગ્રસ્ત થયેલા જનકબા પરમાર, મધુબેન જાદવ (ઉવ.૪૦), નારણભાઈ જાદવ (ઉવ.૪૩) તેમજ એક અન્ય વ્યક્તિને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

### ACBના અધિકારીની ઓળખ આપી પૈસા પડાવતા

## સુરતમાં ફરી નકલી અધિકારી ઝડપાયો, કિશોર સહિત 3 શખ્સોની ધરપકડ કરી

। સુરત, તા.૨૫ ।

સુરતમાં વધુ એકવાર નકલી અધિકારી ઝડપાયો છે. નેશનલ એન્ટી કરપ્શન એન્ડ એટરોસિટી ઓર્ગેનાઈઝેશન દિલ્લીના નકલી અધિકારીની ઓળખ આપનાર કિશોર સહિત ત્રણ શખ્સો ઝડપાયા છે. આરોપીઓએ ACBના અધિકારીની ઓળખ આપી તપાસના સુરતની પીપી સવાણી યુનિવર્સિટીમાં ઘૂસ્યા હતા. યુનિવર્સિટીમાં નકલી ડિગ્રી બનાવતા હોવાનું કહી સંચાલકોને ધમકાવી રૂપિયા પડાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે યુનિવર્સિટીના સંચાલકોને શંકા જતા પોલીસને જાણ કરતા શખ્સોનો ભાંડો ફૂટ્યો હતો. પોલીસે એક કિશોર સહિત ૩ શખ્સોની ધરપકડ કરી છે. જ્યારે આરોપીઓની કારની આગળ પણ એસીબી લખેલી પ્લેટ મળી આવી છે. રાજ્યમાં નકલીનો રાફડો ફાટ્યો છે, નકલી IAS, નકલી IPS, નકલી સરકારી અધિકારી, નકલી સ્ન્દ્છનો PA બાદ થોડા દિવસ પહેલા જુનાગઢમાંથી હવે નકલી DYSP ઝડપાયો હતો, આ શખ્સની ઓળખ



વિનીત બંસીલાલ દવે તરીકે થઈ છે. આ શખ્સ નકલી ID સાથે રોફ જમાવતો અને બેઠકો પણ કરતો હતો. ૨.૧૧ કરોડથી પણ વધુની છેતરપિંડી આચરી છે. આ પહેલા નકલી MLA બની રોફ જમાવતા રાજેશ જાદવ નામના શખ્સની ધરપકડ કરવામાં આવી હતી. નકલી અધિકારી, IPS બાદ હવે નકલી MLA ઝડપાયો છે. જૂનાગઢમાં નકલી MLA બની ફરતા રાજેશ જાદવ નામના શખ્સની ધકપકડ કરવામાં આવી છે. મૂળ સીમાસી ગામનાં રાજેશ જાદવ પોતે MLA હોવાનો રૌફ જમાવતો હતો. જોકે સાબલપુર ચોકડી પાસે રૌફ જમાવતા આ નકલી MLAને તાલુકા પોલીસે ઝડપી પાડ્યો હતો.

### ડીસા તાલુકાના બાઈવાડા ગામનો બનાવ

## શૌચક્રિયા માટે ગયેલા ખેડૂત પર નીલ ગાયે હુમલો કરતાં મોત

### બનાવને પગલે ગંભીર રીતે ઇજાગ્રસ્ત આધેડને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે ખેડૂતને મૃત જાહેર કર્યા હતા

। બનાસકાંઠા, તા.૨૫ ।

ડીસા તાલુકાના બાઈવાડા ગામે શૌચક્રિયા માટે ગયેલા આધેડ પર નીલ ગાયે હુમલો કરતા ગંભીર ઈજા પહોંચી હોવાની ઘટના સામે આવી હતી. બનાવને પગલે ગંભીર રીતે ઈજાગ્રસ્ત આધેડને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે ખેડૂતને મૃત જાહેર કર્યા હતા. સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી રખડતા પશુઓનો આતંક ખૂબ જ વધી ગયો છે. રખડતા પશુઓએ અત્યાર સુધી અનેક લોકોને અડફેટે લીધા છે. જેમાં કેટલાક લોકો ઈજાગ્રસ્ત થયા છે તો કેટલાક લોકો મોતને ભેટ્યા છે. ત્યારે આવી જ એક ઘટના ડીસા તાલુકાના બાઈવાડા ગામે બની છે. અહીં રહેતા ૪૨ વર્ષીય શંભુજી પોપટજી ઠાકોર ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા અને તેઓ સામાજિક



કામ અર્થે બહારગામ ગયા હતા. જે દરમ્યાન તેઓ સામાજિક કામ પતાવી ઘરે પરત આવી રહ્યા હતા તે સમયે બાઈવાડા ગામે આવેલ તળાવ પાસે તેઓ શૌચક્રિયા માટે ગયા હતા. તે સમયે અચાનક ધસી આવેલી નીલ ગાય તેમની પર હુમલો કર્યો હતો. નિલ ગાયનું શિંગડું તેમના મોઢાના ભાગે ઘુસી જતા તેમને ગંભીર ઈજા પહોંચી હતી. બનાવને પગલે આજુબાજુના લોકોએ દોડી આવ્યા હતા. પરંતુ નીલ ગાયનું શિંગડું વાગતા શંભુજી ઠાકોર લોહીલુહાણ થઈ ગયા હતા. આ સમગ્ર ઘટનાની જાણ થતા જ આજુબાજુના લોકોએ તેમને તાત્કાલિક સારવાર માટે ડીસાની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કરાયા હતા. બે સંતાનના પિતાનું આકસ્મિક મોત થતા પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. સરકાર આ બાબતે આવા પશુઓના નિરાકરણ માટે યોગ્ય પગલા ભરે અને શંભુજી ઠાકોરના પરિવારને સહાય ચૂકવે તેવી ખેડૂતોએ માંગ કરી હતી.

## તંત્રી લેખ...

# COVID-19ના JN.1 પ્રકાર વિશે ગભરાવાની જરૂર નથી

આરોગ્ય પ્રધાન સૌરભ ભારદ્વાજે બુધવારે દિલ્હીના રહેવાસીઓને નવા COVID-19 પ્રકાર JN.1 ના ઉદભવ વચ્ચે ''ગભરાશો નહીં'' કહ્યું, કહ્યું કે ચેપી હોવા છતાં, તાણ હળવો છે, માત્ર થોડા દર્દીઓને ઓક્સિજન સપોર્ટની જરૂર છે. ''ગભરાશો નહીં કારણ કે આ ચનવું વેરિઅન્ટ્ બહુ જોખમી નથી, પરંતુ સાવચેતી રાખો. લગભગ ૯૦% દર્દીઓ ઘરે એકલતા દરમિયાન સાજા થઈ રહ્યા છે,'' શ્રી ભારદ્વાજે મીડિયાને જણાવ્યું, અન્ય રાજ્યોમાં મૃત્યુના અહેવાલો કોમોર્બિડિટીઝવાળા દર્દીઓને લગતા છે. આરોગ્ય મંત્રીએ કહ્યું કે રાજધાનીમાં જીનોમ સિક્વન્સિંગ વધારવા માટે બે અઠવાડિયા પહેલા નિર્દેશો આપવામાં આવ્યા હતા, જેથી ત્વદ્ભ.૧ વેરિઅન્ટને વધુ સરળતાથી ઓળખી શકાય. તેમણે ઉમેર્યું હતું કે સરકાર હોસ્પિટલોમાં ઓક્સિજન સિલિન્ડર, વેન્ટિલેટર પથારી અને આઈસોલેશન વોર્ડની વ્યવસ્થા કરવાની કાળજી લઈ રહી છે અને તમામ જરૂરી જરૂરિયાતોની ફરીથી સમીક્ષા કરવામાં આવી રહી છે. ગુજરાતમાં દિવસે દિવસે કોરોનાથી સ્થિતિ ગંભીર બની રહી છે, હાલમાં જ સાઉથ ઈન્ડિયાથી ટ્રાવેલ કરીને આવેલા લોકો કોરોનાથી સંક્રમિત થઈ રહ્યાં હોવાનુ સામે આવી રહ્યું છે. ગુજરાતમાં દિવસે દિવસે કોરોનાથી સ્થિતિ ગંભીર બની રહી છે, હાલમાં જ સાઉથ ઈન્ડિયાથી ટ્રાવેલ કરીને આવેલા લોકો કોરોનાથી સંક્રમિત થઈ રહ્યાં હોવાનુ સામે આવી રહ્યું છે. અમદાવાદમાં કોરોનાના કેસો વધવાની પુરેપુરી સંભાવના છે. શનિવાર અને રવિવારે કેસોમાં વધારો જોવા મળ્યો છે. રવિવારે વધુ ૫ દર્દીઓ કોરોનાથી સંક્રમિત થયા છે. હાલ શહેરમાં કોરોનાથી સંક્રમિત થયાનો આંકડો ૩૫એ પહોંચ્યો છે. ગુજરાતમાં કોરોનાથી સ્થિતિ વિકટ બની રહી છે, અમદાવાદમાં કોરોનાના કેસોમાં સતત ઉછાળો આવી રહ્યાં છે, હજુ પણ સ્થિતિ વધુ ખરાબ થવાની સંભાવના છે. રવિવારે શહેરમાં વધુ ૫ કેસ નોંધાયા છે. બે પુરુષ અને ત્રણ મહિલાઓ સાથે હવે શહેરમાં એક્ટિવ કેસોની સંખ્યા ૩૫ પર પહોંચી છે. શહેરમાં બોડકદેવ, નારણપુરા ખાડીયા અને દરિયાપુર વિસ્તારમાં આ નવા કોરોનાના કેસો નોંધાયા છે. બે દર્દીઓની ટ્રાવેલિંગ હિસ્ટ્રી બેંગ્લોરની હોવાની માહિતી સામે આવી છે. હાલ બે લોકો હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે, તો ૩૩ લોકોને હૉમ આઈસોલેટ કરવામાં આવ્યા છે. છેલ્લા બે દિવસમાં કોરોનાના ૧૬ કેસ નોંધાયા છે. શનિવારે ૧૧ અને રવિવારે ૫ કેસ પોઝિટિવ સામે આવ્યા છે. શિયાળો આવતાની સાથે જ કોરોના ફરી એકવાર ઝડપથી વધવા લાગ્યો છે. કોરોનાનું નવું સ્વરૂપ વિશ્વ માટે ચિંતાનો વિષય બની ગયું છે. ભારતમાં પણ થોડા દિવસોમાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. દેશમાં કોવિડ ૧૯નો ખતરો ફરી એકવાર વધી રહ્યો છે. અત્યાર સુધીમાં દેશના ૧૧ રાજ્યો કોરોનાના નવા પ્રકાર ત્વદ્ભ.૧ થી પ્રભાવિત થયા છે. આવી સ્થિતિમાં, સૌથી મોટો પ્રશ્ન એ છે કે શિયાળો આવતાની સાથે જ કોરોનાના કેસ કેમ વધવા લાગે છે. શિયાળાની ઋતુમાં લોકો ઘણી વખત અનેક ચેપનો ભોગ બને છે. જેના કારણે લોકોની રોગપ્રતિકારક શક્તિ નબળી પડી જાય છે. જેના કારણે ચેપ લાગવો સામાન્ય બની જાય છે અને વધુને વધુ ટેસ્ટ કરવામાં આવે છે. જેના કારણે કોરોનાના કેસ પણ વધી રહ્યા છે. કોરોનાના વધતા કેસોએ ફરી એકવાર તમામ રાજ્યોને એલર્ટ મોડ પર મૂકી દીધા છે. આ વખતે પણ નવા વેરિઅન્ટને કારણે જીવનું જોખમ વધારે છે. આવી સ્થિતિમાં દર વખતે શિયાળામાં કોવિડ ૧૯ના નવા પ્રકારો શા માટે દેખાવા લાગે છે તે અંગે સવાલો ઉઠવા સ્વાભાવિક છે.

# સૌમ્યતા, ઋજુતા અને સુગંધનો સતત અનુભવ

એકવીસમી સદીના બીજા દાયકાના પાંચ વર્ષ પૂરા થઈ ગયા અને બાકીના પાંચ વર્ષનું કાઉન્ટડાઉન શરૂ થઈ ચૂક્યું છે. આવનારા પાંચ વર્ષમાં ભારત સૌથી યુવાન રાષ્ટ્ર બનવાનું છે. ઘણી અશક્ય દેખાતી બાબતો આવનારા બે-ત્રણ વર્ષમાં પૂરી થતી દેખાશે. ભારતે વિકાસની દિશામાં હરણફાળ ભરી દીધી છે. વ્યક્તિગત આર્થિક સમૃદ્ધિ પણ આવશે. એ સમૃદ્ધિ ભૌતિક સમૃદ્ધિ લાવશે અને લોકો સુખી રહેવા, ખુશ રહેવા પ્રયત્ન કરશે. હાઉ ટુ બી હેપ્પી-લેખન સીરીઝમાં આજે એ વાતને આગળ વધારશું કે ટેકનોલોજી અને સોશ્યલ મીડિયાના આ યુગમાં ભૌતિકતા પ્રાપ્ત કરી લેવાથી સુખી થઈ જવાતું હોય તો લોકો આટલા બધા ડિપ્રેશનમાં ન આવી જાત. ટેકનોલોજીએ વિચારશક્તિને એવા ખંભાતી તાળા મારવાની શરૂઆત કરી દીધી છે કે લોકો નેટ પર થયેલી વાતચીત પર ઈમોશનલ થઈ જાય છે અને વગરવિચાર્ય એવા પગલા ભરી લે છે કે તેની આજુબાજુના વર્તુળના લોકોને એ ભોગવવાના આવે છે. નેટસર્ફિંગ અને ટેકનોલોજીના આ બીજા દાયકામાં પણ તમે 'હેપ્પી' રહી શકો, જો તમે ધ્યાનથી નીચે કહેલી વાતો સાંભળો તો. પોતાની નબળાઈની જાણ બીજાને ન થાય તે માટે સભાન રહેવું જરૂરી છે. પરંતુ તે પહેલા પોતાની નબળાઈઓની પોતાને જાણ હોવી આવશ્યક છે. સમય બદલાયો છે માટે નબળાઈ છુપાવવાને બદલે તેમાં સુધારો કરવો એ સુખ તરફનું પગલું છે. પોતાની નબળાઈઓને ન જાણનાર સુખથી વંચિત રહે છે. વ્યક્તિગત વીકનેસ સફળતા સામે જોખમ બનીને ઊભી રહે તેના કરતા તેને ઓળખીને દૂર કરવી યોગ્ય બની રહેશે. સંબંધો માણોઃ આપણા શાસ્ત્રોમાં લખ્યું છે, 'મને મિત્રોથી ભય ન રહે, મને શત્રુઓથી ભય ન રહે.' વર્તમાન સ્પર્ધાત્મક યુગમાં સંબંધો થકી અનેક કાર્યો થઈ જતા હોય છે. જે કાર્ય પૈસા થકી ન થાય તે સંબંધોમાં થઈ જતા હોય છે. કર્મચારીઓ, ક્લાયન્ટ કે સમાજના વિવિધ વર્ગ સાથે જોડાયેલા લોકો સાથેની રિલેશનશીપ તમને સુખનો અનુભવ કરાવશે. ધ્યેય સ્પષ્ટ રાખોઃ વિવેકાનંદે સાચે જ સરસ કહ્યું છે, 'પ્રત્યેક મનુષ્યને પોતાનું લ-ય સિદ્ધ કરવાની શક્તિ ઈશ્વરે આપેલી જ છે.' તમે શું પ્રાપ્ત કરવા માંગો છો, તમારું ધ્યેય નક્કી કરી રાખો. અટકતા શીખો જો સુખનો આનંદ માણવો હોય તો. જીવનમાં સાચે જ સુખ કે શાંતિનો અનુભવ કરવો હોય તો ધ્યેય સ્પષ્ટ રાખો. તૃષ્ણા-લાલચ કે અસંતોષ તો મૃત્યુ સુધી રહેવાના. આયોજનને અમલમાં મૂકોઃ મેનેજમેન્ટ ગુરુ પીટર ડ્રકરે કહ્યું છે, 'આયોજનને ઝડપથી અમલમાં ન મુકવામાં આવે તો તે માત્ર એક સારો ઉદ્દેશ બનીને રહી જાય છે.' ધ્યેય સ્પષ્ટ રાખો, ધ્યેય નક્કી કર્યા પછી એ દિશામાં આગળ વધવા આયોજનને અમલી બનાવવું પડે છે. મોટાભાગના લોકોથી સુખ એટલા માટે જ દૂર રહે છે કે તેઓ માત્ર વિચાર કરે છે, વિચારને એકશનમાં ફેરવતા નથી. તો પ્લાન યોરસેલ્ફ. અલગ રીતે વિચારોઃ જીવનમાં સુખી અને સફળ માણસો અલગ કાર્ય કરતા નથી પરંતુ અલગ રીતે વિચારીને કાર્ય કરે છે. તમારું સુખ તમારા વિચારને અનુરૂપ હશે. થિંક આઉટ ઓફ બોક્સ. જીવનમાં ખુશીનું ખાતું ખોલાવવું હોય તો મોટું અને અલગ વિચારો. પરંપરાથી કંઈક જુદું વિચારો. શરૂઆતમાં ટીકા સાંભળવા મળશે, પછી લોકો સલાહ લેવા આવશે. પીછેહઠ કરો, પરંતુ છોડો નહીં.

# શું અયોધ્યાના રામ મંદિરમાં પ્રભુ શ્રી રામ લલ્લાની મૂર્તિના સ્થાપનથી રામરાજ્ય સ્થપાશે ? કે પછી...



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ગઈકાલે નાતાલના તહેવાર વિશે લેખ લખ્યો! કારણ કે ઈસાઈ ધર્મમાં ભગવાન ઈસુ ને પ્રેમના દેવતા તરીકે વર્ણવ્યા છે, અને સાંપ્રત સમયમાં પ્રેમના અભાવને કારણે આટલી બધી અરાજકતા ફેલાતી હોવાથી, ચિંતનના લેખમાં એને સમાવ્યો, તો કેટલાય કટ્ટર હિંદવાદીઓએ બેન આપણે અયોધ્યામાં રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરવા જઈ રહ્યા છીએ, અને તમે અન્ય ધર્મને શું કામ આટલું મહત્વ આપો છો? ચિંતન તો બોધ માટે તથા જન જાગરણ માટે લખાય છે, એમાં વિરોધને સ્થાન નથી! આમ પણ વલસાડ કેસરીના તંત્રી શ્રી દેવર્ષિભાઈનો પણ ફોન આવ્યો કે બેન એક મહિનો કાઉન્ટ ડાઉનમાં મર્યાદા પુરુષોત્તમ રામ વિશે કંઈક લખી શકાય, તો મારો વિચાર એ વિશે એક લેખ રોજ છાપવાનો છે. હાલ તબિયત પણ એટલી સારી રહેતી નથી, અને ઉપરથી જર્મનીથી દીકરી આવી છે, એટલે વિવેક સાથે કહ્યું કે જેટલું લખાશે એટલું ચોક્કસ લખીશ. સ્વતંત્રતાને આટલા વર્ષો થયા ત્યારે અયોધ્યામાં રામ મંદિરમાં રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા થશે, એ ખરેખર આનંદ અને ઉત્સવની વાત તો છે જ, પરંતુ સાથે સાથે આટલા વર્ષો આપણું આપણા ધર્મ પરનું વર્ચસ્વ ગુમાવ્યાની કે એને મહત્વ ન આપ્યાની વાત પણ સહજ છે. હિન્દુ સંસ્કૃતિમાં પરમ કૃપાળુ પરમાત્માની અવતાર તરીકે પૃથ્વી પર જન્મ લેવાની એક પરંપરા રહી અને ભગવાન વિષ્ણુના ૨૪ અવતારની વાત છે જેમા આજ સુધી ૨૩ અવતારએ જન્મ લીધો છે અને એવા મુખ્ય આઠ અવતારમાં પ્રભુ શ્રી રામ ની વાત પણ છે! કે જેને હિન્દુ સનાતન ધર્મનો પાયો કહેવામાં આવે છે, કારણકે એમનાં ગુણોની વિશેષતા ઘણી છે. સૌથી મહત્વનો ગુણ એટલે પ્રભુ શ્રી રામને મર્યાદા પુરુષોત્તમ કહેવામાં આવે છે તો એને વિશે વાત કરીશું.

બહુ પહેલા એકવાર એક ગ્રુપમાં ચર્ચા થઈ હતી કે રામને ॥ રામ ॥ આ રીતે શું કામ લખવામાં આવે છે? તો એનો સૌપ્રથમ જવાબ તો એ છે કે રામ નામને મંત્ર તરીકે સ્વીકાર્યું હોવાથી, મંત્રને આપણે આ રીતે દર્શાવતા હોઈએ છીએ. જ્યારે બીજું કારણ એ છે કે ભગવાન મર્યાદા પુરુષોત્તમ હોવાથી આ રીતે એની સીમા નિશ્ચિત છે, એટલે કે એ ખોટું બોલી ન શકે! ખોટું કરી ન શકે! ખોટું જોઈ ન શકે! કે ખોટું સ્વીકારી પણ ન શકે! અને છતાં તે પ્રેમ નામની સંજીવનીથી છેક છેવાડાના માનવી સુધી પહોંચ્યા હતાં. ભગવાન શ્રી રામનાં આખાં કથાનકથી આપણી સૌ પરિચિત છીએ, ભગવાન શ્રીરામનો જન્મ માતા કૌશલ્યની કૂખેથી થયો હતો! આપણે સૌ જાણીએ છીએ કે કૌશલ્યા એ અયોધ્યાના પટરાણી હતા, પરંતુ રાજા દશરથની માનીતી રાણી નહોતા, અને એટલે જ આયોધ્યામાં રામ રાજ્યાભિષેક વખતે તખ્તો પલટાઈ ગયો. કાળ ગણના પ્રમાણે એ સમયે એક રાજા ને કેટલી બધી રાણીઓ હતી, અને એ રીતે જોઈએ તો ભગવાન રામ પણ ઘણી બધી રાણીઓ સાથે લગ્ન કરી, એના મહેલની શોભા વધારી શકે. પરંતુ પોતે પોતાની માતાનું દુઃખ જોયું હોવાથી, અને સમાજમાં સ્ત્રીને એક સાધન તરીકે ન જોતાં, સત્રીના સરળ સહજ અસ્તિત્વના સ્વીકાર માટે, એમણે એક પત્ની વ્રત ધારણ કર્યું, અને એ રીતે પણ એમણે આજીવન મર્યાદાને જાળવી.

ત્યારથી જ હિંદુ ધર્મમાં એક પત્નીત્વની વાત આવી! હા રજવાડાઓમાં આ વાત એક દુષણ તરીકે ચાલતી હતી, પરંતુ સમાજનું અંગ એટલે કે નાગરિક ને માટે પ્રભુ શ્રીરામની જેમ એક પત્નીત્વનો નિયમ ફરજિયાત છે. સૌને આશા છે કે અયોધ્યાના મંદિરમાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા થશે, અને પૂજ્ય ગાંધીબાપુનું સ્વપ્ન એટલે કે રામરાજ્યની સ્થાપના પણ થશે. ભગવાન શ્રીરામ આપણી સંસ્કૃતિ માટે ખૂબ જ મહત્વની ભૂમિકા ધરાવે છે, એ બાબતે કોઈ શંકા નથી. પરંતુ શું માત્ર મંદિરમાં મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠાથી સમાજમાં રામરાજ્ય થશે? એ એક વેધક પ્રશ્ન છે.

રામરાજ્ય તો ત્યારે સ્થપાય, જ્યારે આપણે સૌ એ મર્યાદા પુરુષોત્તમ પ્રભુ શ્રીરામના ગુણને આપણા જીવનમાં ઉતારીએ અને એના જેવું જીવન જીવવા માટે કટિબદ્ધ થઈએ, તો રામરાજ્ય એક જ વેંત દૂર છે. માત્ર બાહ્ય જય જયકાર કરવાથી કોઈ જ વાત સંભવ નથી એના ચરિત્રને સાર્થક કરવું પડે, ના ચરિત્રને આત્મસાત કરવું પડે, અને એવું જીવન સમાજનું હર એક વ્યક્તિ જીવે, ત્યારે જ રામરાજ્ય થાય ! સમાજના ઠેકેદારોએ પણ રામના ચરિત્રને આત્મસાત કરવું પડે, અને નૈતિકતાની વાતને મોખરે રાખીને સમાજના હિત માટેના નિર્ણયો લેવા પડે. માત્ર સત્તાની લાલચ કૈકેયીને પોતાના સગા પુત્ર કે જેની માટે તેણે આ દાવ ખેલ્યો હતો, એટલે કે વચન માંગ્યા હતાં, એ ભારતની નજરમાંથી પણ એ ઉતરી ગયા હતાં, એ વાત નજર સામે રાખી અને જીવવું પડે. સમાજ છે, લોકો જાતપાતની વાતો કરે છે, અને એમાં પણ અત્યારે જ્યારે આ અયોધ્યામાં રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાનો દિવસ નજીક આવતું જાય છે, એમ લોકો બે મોઢે વાતો કરે છે, કે સરકારને ચૂંટણીમાં જીત જોઈતી હોવાથી આ બધું કરે છે! એટલે કે આપણા દેશની બિનસાંપ્રદાયિકતામાં કટ્ટર હિન્દુવાદી તત્વનો ઉમેરો કરી પોતાની રોટલી શેકવી છે!

એ જે હોય તે આપણે એમાં ઉતરવું નથી. પરંતુ આપણા ભગવાનનો જે તે સમયે માત્ર ૧૪ વર્ષનો વનવાસ અયોધ્યા વાસીને ભારે પડ્યો હતો, જ્યારે આજે આઝાદીના ૭૫ /૭૬ વર્ષ પૂરા થવા છતાં આપણે આપણા રાષ્ટ્રમાં સલામત નથી, અને એનું કારણ કદાચ આપણે પ્રભુ શ્રીરામના ગુણોને આત્મસાત કર્યા નથી, અને એ મુજબ જીવનને સાર્થક કર્યું નથી, એ હોઈ શકે! એવું વિચારી એના ગુણોને અપનાવીએ, એના જીવન ચરિત્ર ને ફરી જીવંત બનાવીએ, તો રામરાજ્ય જરૂર થશે, અને પછી આપણી જાગૃતિ જ કોઈપણ સરકારને સત્તા માટેની રોટલી શેકવા નહીં દે!; સ્ત્રી પુરુષ દરેકે દરેકને પોતાની મર્યાદાનું ભાન હોવું જ જોઈએ! જ્યારે આજે તો મર્યાદા એટલે માત્ર સ્ત્રીઓની વાત હોય એમ છાપરે ચડીને લોકો બોલતા હોય છે કે, સ્ત્રીઓ આમ કરે છે! તેમ કરે છે! આવા કપડાં પહેરે છે! વ્યસન કરે છે! પછી તેનું પતન થાય જ ! અને ખરેખર સ્ત્રીઓ એ પોતાની મર્યાદા ને સમજવી જ જોઈએ! પણ એક સ્ત્રી હોવાને નાતે એમ પણ થાય કે કોણે એને આ સ્થાને પહોંચાડી?? એ પ્રશ્ન પણ વિચારવા જેવો છે. ખેર ઉપર કહ્યું એમ ચિંતન બોધ માટે છે, વિરોધ માટે નહીં! તો પ્રભુ શ્રી રામ કે જેનું એકવાર ભાવ કુભાવથી માત્ર નામ લેવાથી વિષ્ણુ સહસ્ત્રનામનો પાઠ થઈ જાય છે, અને ભવભવના બંધનો તૂટે છે. તો શ્રી રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા માત્ર આયોધ્યામાં નહીં, પણ આપણાં માનસમાં કરી, એને જ અયોધ્યા ધામ બનાવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# કોઈ માધવ લ્યો, કોઈ ગોવિંદ લ્યો, ભોળી રે ભરવાડણ હરિને વેચવા ચાલી, ચૌદ ભુવનનાં નાથને મટુકીમાં ઘાલી!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



શાસ્ત્રમાં સોળ સંસ્કાર બતાવ્યા છે. આજકાલ તો બધા સંસ્કાર ભૂલાઈ ગયા છે. સંસ્કારનો લોપ થતો જાય છે, એટલે દેશ દુઃખી છે. અન્નપ્રાશન, મધુપ્રાશન, નામ સંસ્કરણ, જનોઈ વગેરે સોળ સંસ્કાર છે. જીવને શુદ્ધ કરવા સંસ્કારની જરૂર છે. આજકાલ ધાર્મિક વિધિને મહત્ત્વ આપવામાં આવતું નથી, કેવળ લૌકિકને મહત્ત્વ આપવામાં આવે છે. ગર્ગાચાર્યની પરીક્ષા કરવા રોહિણી ની ગોદમાં શ્રીકૃષ્ણ અને યશોદાની ગોદમાં બલરામને રાખ્યા છે. ગર્ગાચાર્યે નંદબાબાને કહ્યું :બાબા, રોહિણીની ગોદમાં છે તે તમારો પુત્ર છે, તે તો રંગ બદલતો આવ્યો છે. આ વખતે તેણે શ્યામ વર્ણ ધારણ કર્યો છે.તે સર્વના મન ને આકર્ષી લેશે.તે સર્વને આનંદ આપશે.તેથીતેનુંનામશ્રીકૃષ્ણરાખો.તેનાજન્માક્ષર બહુ સારા છે. એ મહાજ્ઞાની થશે, મહાયોગી થશે. પાંચ ગ્રહો ઉચ્ચમાં પડયા છે. જન્મકુંડળીમાં આઠ ગ્રહો ખૂબ સારા છે, પણ એક ગ્રહ રાહુ ખરાબ પડયો છે. નંદબાબા ગભરાય છે. રાહુ ખરાબ પડયો છે, એટલે શું થશે? ગર્ગાચાર્ય કહે છે: તેમાં કાંઈ બીવા જેવું નથી. જેના સપ્તમ્ સ્થાનમાં નીચ ક્ષેત્રમાં રાહુ હોય તે અનેક સ્ત્રીઓનો ધણી થાય છે.

નંદબાબા કહે છે મને એક બ્રાહ્મણે એવો આશીર્વાદ આપ્યો છે કે, તમારા લાલાને સોળ હજાર રાણીઓ થશે. ગર્ગાચાર્ય : બાબા, વધારે શું કહું? કનૈયો નારાયણ જેવો છે, નારાયણ સમાન છે. સનાતન ગોસ્વામી અર્થ કરે છે કે, નારાયણ જેવો શ્રીકૃષ્ણ છે એમ કહો તો નારાયણ શ્રેષ્ઠ ઠરે છે. માટે નારાયણ સમાન શ્રીકૃષ્ણ નહીં, પણ શ્રીકૃષ્ણ સમાન નારાયણ છે એમ કહેવું જોઈએ. વૃંદાવનના સાધુઓએ નારાયણ સમાન નહીં, પણ નારાયણ શ્રીકૃષ્ણ જેવા છે એવો અર્થ કર્યો છે. નારાયણ સમાન શ્રીકૃષ્ણ છે, તેમાં નારાયણ મુખ્ય અને શ્રીકૃષ્ણ ગૌણ છે. શ્રીકૃષ્ણ સમાન નારાયણ છે તેમાં શ્રીકૃષ્ણ મુખ્ય અને નારાયણ ગૌણ છે. શ્રીકૃષ્ણ અને નારાયણમાં કાંઈ ફેર નથી. આ કેવળ પ્રેમનો મધુર કલહ છે. શ્રીકૃષ્ણ સમાન નારાયણ છે, આવો અર્થ કરીએ તો શ્રીકૃષ્ણ પ્રધાન અને નારાયણ ગૌણ બને છે. નારાયણમાં સાઠ ગુણો છે, જ્યારે મુરલી નોહર શ્રીકૃષ્ણમાં ચોસઠ ગુણો છે. નારાયણ કરતાં ચાર ગુણો વધારે છે : રૂપમાધુરી, લીલામાધુરી, વેણુમાધુરી, રાયણમાં આ ચાર ગુણો નથી. પ્રિયામાધુરી. આ ચાર ગુણો શ્રીકૃષ્ણમાં વધારે છે. નારાયણને ચાર હાથ છે તેથી તેઓ થોડા બેડોળ લાગે છે, તેથી આ બે હાથવાળો કનૈયો શ્રેષ્ઠવૈકુંઠ ના નારાયણ તો અક્કડ ઊભા રહે છે. અમારી સાથે બોલતા પણ નથી જ્યારે અમારો કનૈયો નમારી સાથે બોલે છે, અમારી સાથે રમે છે, અમારી સાથે ફરે છે. તેથી અમારો કનૈયો શ્રેષ્ઠ છે.કૃષ્ણનાં દર્શન માટે જે આતુર બને છે તેની પાછળ કનૈયો આવે છે જ. ગોકુળમાં એક નવી પહુ આવી હતી.

તે કનૈયાનાં દર્શન કરવા માટે આતુર હતી. તેની સાસુ તેને શ્રીકૃષ્ણનાં દર્શન કરવા જવા દેતી ન હતી. આજે તે જળ ભરવા જાય છે. શ્રીકૃષ્ણનું ચિંતન કરતાં દેહનું ભાન ભૂલી જાય લાલાના કેશ વાંકડિયા છે, મસ્કત ઉપર મોરપીંછ છે, હોઠ ઉપર મોરલી ધારણ કરી છે, કાનમાં નકરાકૃતિ કુંડળ અને કેડ ઉપર પિતાંબર ધારણ કર્યું છે. ત્યાં તો છુમછુમ કરતો કનૈયો પાછળથી આવે છે. આવીને સાડીનો છેડો પકડે છે. ગોપી જુએ છે તો કનૈયાએ આવી ને સાડી પકડી છે.ત્રણ વર્ષનો કનૈયો છે.ગોપી કનૈયાનેઊઠાવી છાતી સરસો ચાંપે છે. કનૈયો સર્વનો પિતા છે, સર્વનો પતિ છે અને સર્વનો બાળક છે. વૈકુંઠના નારાયણ મર્યાદા પુરુષો ત્તમ છે, ત્યારે આ કનૈયો પુષ્ટિ પુરુષોત્તમ છે. કનૈયો કરે છે તેવી લીલા મનુષ્ય તો શું, દેવો પણ કરી શકે નહીં. શ્રીકૃષ્ણ દેવોના પણ દેવ છે. એક સખી દહીં, દૂધ, માખણ વેચવા નીકળે છે. શ્રીકૃષ્ણપ્રેમમાં એવું દેહભાન ભૂલી છે કે બોલવું જોઈએ દહીં, લો, માખણ લો! પણ માખણ શબ્દ યાદ આવે જ નહીં. તેની બુદ્ધિમાં માધવ હતા, એટલે બોલવા લાગી, કોઈ માધવ લ્યો, કોઈ ગોવિંદ લ્યો.ભોળી રે ભરવાડણ હરિને વેચવા ચાલી.

ચૌદ ભુવનનાં નાથને મટુકીમાં ઘાલી! ગોપની આ હાલત છે. શ્રીકૃષ્ણ પ્રેમમાં એવી તન્મય થઈ છે કે,એ શું બોલે છે તેનું એને ભાન નથી. લાલાને કાને આ શબ્દ પડયા. લાલો કહે, આ તો જબરી છે. મને વેચવા નીકળી છે. રસ્તામાં જ શ્રીકૃષ્ણ પ્રગટ થયા. સખીને કહે,અલી ગોપી! હું ગોકુળ નો રાજા છું. તું મને માખણ આપ !અતિશય પ્રેમ હોય તો ચીડવવાની ઈચ્છા થાય છે. ગોપીના હૃદયમાં પ્રેમ છે.તે કનૈયાને ચીડવે છે,તું શાનો ગોકુળનો રાજા ગોકુળના રાજા દાઉદ ભૈયા છે.હું તેને માખણ આપીશ, તને નહીં. ખબર પડતી નથી, નંદબાબા આ કાળા કનૈયાને ક્યાંથી લઈ આવ્યા છે? નંદબાબા તો ગોરા છે અને તું કાળો છે.

કનૈયાએ ગોપોની સાડી પકડી. ગોપી કહેવા લાગી, લાલા મને છોડ! મારાં દહીં, દૂધ ઢોળાઈ જશે. મારાં સાસુ વઢશે. ગોપી ધક્કો મારી સાડી છોડાવી લઈ આગળ ચાલવા લાગી. પાછળ જુઓ તો કનૈયો રિસાયેલો છે. ગોપી કહેવા લાગી, કનૈયા તને માખણ આપું, મીસરી આપું. મારી ભૂલ થઈ! કનૈયો કહે, મારે હવે કાંઈ જોઈતું નથી. ગોપી ચાલવા લાગી ત્યાં કનૈયાએ પથ્થર લઈ ગોળી ઉપર માર્યો, ગોળી ફોડી નાંખી.આવી લીલા બીજા કોઈ દેવ કરી શકે નહીં. શ્રીકૃષ્ણ કહે છે કે, હું સર્વનો પતિ છું. શ્રીકૃષ્ણ ત્યાંથી ઘરે આવીને ડાહ્યો ડમરો થઈ યશોદાની ગોદમાં છુપાઈ જાયછે.પેલી ગોપી ઘરે આવી છે. યશોદામાને ફરિયાદ કરે છે, મા, તમે લાલાને બહુ લાડ લડાવો છે, પણ આજે એણે શું કર્યું જાણો છો? કનૈયાએ મારી ગોળી ફોડી નાંખી! મારાં કપડાં બગાડયાં, મારા દહીં-દૂધ ઢોળાઈ ગયાં! શ્રીકૃષ્ણ કહે, મા, આ ગોપી કંજૂસ છે. બે-ત્રણ દિવસનું વાસી દહીં લઈને એ વેચવા જતી હતી, તેથી મને થયું કે કોઈ ગરીબ તે દહીં લે અને માંદો પડે તો? એટલે મેં એની ગોળી ફોડી નાંખી.હું તો મા, આરોગ્યપ્રચારક મંડળનો પ્રમુખ છું!યશોદાજીએ ગોપીને બોલાવીને ઠપકો આપ્યો કે, અલી ગોપી, તું આવું દહીં વેચવા લઈ જાય છે? ગોપી હસવા લાગી. આ કનૈયો બોલવામાં ચતુર છે. કનૈયો રસ્તે જતો હોય તો કોઈની ગોળી પણ ફોડી શકે છે અને છતાં એ વહાલો લાગે છે. બીજા દેવોને બીક લાગે છે કે,કોઈ સ્ત્રીને અડકી જવાશે તો અમને થપ્પડ પડશે. અમારી પૂજા કોઈ નહીં કરે.

શ્રીકૃષ્ણની લીલામાધુરી દિવ્ય છે. એ કોઈ દેવ કરી શકે નહીં. નારાયણ ભગવાન હાથમાં શંખ રાખે છે. શંખ વગાડનાર દેવ મોટા કે વાંસળી વગાડનાર દેવ મોટા? આ બીજા દેવો અસ્ત્રશસ્ત્ર લઈને બેઠા છે.કોઈના હાથમાં ગદા, કોઈના હાથમાં કુષ્યબાણ અને કોઈના હાથમાં ત્રિશૂલ છે. મને લાગે છે કે,આ બીજા દેવોને દુનિયાના લોકોની બીક લાગતી હશે, તેથી હાથમાં શસ્ત્રો રાખીને ઊભા છે.મારો કનૈયો શસ્ત્ર રાખતો નથી. લાલાના એક હાથમાં વાંસળી અને બીજા હાથમાં માખણ-મીસરી! શસ્ત્ર રાખનાર દેવ શ્રેષ્ઠ કે કનૈયો શ્રેષ્ઠ? મારો કનૈયો જ શ્રેષ્ઠ. લાલો રોજ વાંસળી વગાડે છે. લાલાની વાંસળીનો શબ્દ જેના કાનમાં ગયો તેને સંસાર ઉપરથી વૈરાગ્ય આવે છે. એ વાંસળીનો શબ્દ જેને સંભળાય તે રાધેકૃષ્ણ, રાધેકૃષ્ણ કરતો પાગલ બને છે. શ્રીકૃષ્ણની વેણુ-માધુરી દિવ્ય છે. ગોપી કહે છે, મુરલી બજા કે મેરો મન હરિ લિન્હો.બીજી ગોપી પ્રેમ ભર્યો ઠપકો આપતી કહે છે કે,હે મુરારી! ભોજન બનાવવાના સમયે તો કૃપા કરીને આ મધુર મોરલીની તાન ન છેડો. કનૈયા!તારી મુરલીનો ધ્વનિ સાંભળી મારા ચૂલામાંનાં સૂકાં લાકડાં રસભીનાં બની રસ બહાવવા લાગે છે, તેથી અગ્નિ બુઝાઈ જાય છે. અગ્નિ બુઝાઈ જાય તો હું રસોઈ કેવી રીતે કરું?મારા લાલાની વાંસળી જેના કાનમાં ગઈ તે કાયમનો તેનો ગુલામ બની જાય છે, તેથી સખી મેં માની લીધું છે કે, આ કનૈયો સૌથી મોટો છે. શ્રીકૃષ્ણની રૂપમાધુરીએ અનેકોને આકર્ષ્યા છે.નિર્ગુણ બ્રહ્મના ઉપાસક મધુસૂદન સ્વામી પણ શ્રીકૃષ્ણની મનોહર રૂપછટા પાછળ પાગલ બન્યા છે. તેઓ કહે છે કે, ગોપીઓની પાછળ ફરવાવાળા કોઈ શેઠે જબરજસ્તીથી અમને પોતાનાં ચરણોમાં ગુલામ બનાવી દીધા છે. ભક્તો કહે છે કે, શ્રીકૃષ્ણની રૂપ માધુરી એવી દિવ્ય છે કે, વૈકુંઠના નારાયણ કરતાં પણ મને શ્રીકૃષ્ણ શ્રેષ્ઠ લાગે છે. ભોજનનો વખત થતાં થશોદા ગર્ગાચાર્યને ભોજન પતાવવા વિનંતી કરે છે.ગર્ગાચાર્ય કહે છે કે, મારી રસોઈ હું મારા હાથે બનાવીશ.

**વિવેક ઓબેરોયની એક્ટિંગ અને કોન્ફિડેન્સ જોઈને એવું માનવામાં આવતું હતું કે તે લાંબી રેસનો ઘોડો સાબિત થશે**

# સલમાનના કારણે વિવેકને આજે પણ ફિલ્મોના છે ફાંફા





કહેવાય છે કે જો તમારે દરિયામાં રહેવું હોય તો તમારે મગરો સાથે વેર ન રાખવું જોઈએ. તસવીરમાં ડાન્સ કરતા દેખાતા આ એક્ટરને કદાચ આ વાત સમજવામાં મોડું થઈ ગયું હતું. જ્યાં સુધી તેને આ કહેવતનું ઊંડાણ સમજાયું ત્યાં સુધીમાં તે મગર એટલે કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીના દિગ્ગજ એક્ટર સાથે પંગો લઈ ચૂક્યો હતો. સલમાન ખાન સાથેની ટણીમાં આ એક્ટરે સાથે એક નહીં પરંતુ બે ભૂલો કરી. પહેલા આ એક્ટરે સલમાન ખાનની એક્સ ગર્લફ્રેન્ડના પ્રેમમાં પડવાનો પ્રયાસ કર્યો અને પછી સલમાન ખાન પર ગંભીર આરોપો લગાવ્યા, ત્યારબાદ તેની કરિયરનું પતન થવાનું શરૂ થયું. આ એક્ટર બીજુ કોઈ નહીં પરંતુ વિવેક ઓબેરોય છે, જેને જ્યારે સ્ક્રીન પર જોવામાં આવ્યો, ત્યારે તેની એક્ટિંગ અને કોન્ફિડેન્સ જોઈને એવું માનવામાં આવતું હતું કે તે લાંબી રેસનો ઘોડો સાબિત થશે. વિવેક ઓબેરોય પણ તેની શરૂઆતની ફિલ્મો દ્વારા તેની એક્ટિંગનો દમ બતાવતો જોવા મળ્યો હતો. કંપની ફિલ્મથી ડેબ્યુ કરનાર વિવેક ઓબેરોયને પણ આ ફિલ્મ માટે ડેબ્યુ એવોર્ડ મળ્યો હતો. કરિયરની ગાડી સાચા ટ્રેક પર આગળ વધી પણ ખરાં. સાથિયા, દમ ડરના મન હૈ અને યુવા જેવી ફિલ્મો દ્વારા પણ તેને પોતાનું ટેલેન્ટ બતાવવાની તક મળી અને તે તેમાં સફળ પણ રહ્યો. પરંતુ આ પછી તેના જીવનમાં 'ક્યૂં હો ગયા ના' ફિલ્મ આવી, જેના પછી બધું જ બદલાઈ ગયું. વિવેક ઓબેરોય ફિલ્મ 'ક્યૂં હો ગયા ના'માં ઐશ્વર્યા રાયનો હીરો બન્યો હતો. તે સમયે એવું કહેવામાં આવી રહ્યું હતું કે સલમાન ખાન અને ઐશ્વર્યા રાયનું બ્રેકઅપ થઈ ગયું છે અને તે વિવેક ઓબેરોયની નજીક આવી રહી છે. વિવેક ઓબેરોયે ખુલ્લેઆમ પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો હતો, પરંતુ ઐશ્વર્યા રાય હંમેશા મૌન રહી હતી. આ દરમિયાન એક દિવસ વિવેક ઓબેરોયે પ્રેસ કોન્ફરન્સ બોલાવી અને સલમાન ખાન પર આરોપ લગાવ્યો કે તેણે તેને ફોન કરીને ધમકાવ્યો અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી. સલમાન ખાને પણ આ મામલે મૌન સેવ્યું હતું. જોકે ઐશ્વર્યા રાયે ક્યારેય વિવેક સાથેના તેના અફેરની પુષ્ટિ કરી નથી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બંને વર્ષ ૨૦૦૩માં અલગ થઈ ગયા હતા. પરંતુ ત્યાર પછી વિવેક ઓબેરોયના સિતારા ઝાંખા પડવા લાગ્યા. તેની મેન લીડ ફિલ્મો મળવાની ઓછી ગઈ.




# ઇન્સ્ટાગ્રામે અભિનેતા વિક્કી કૌશલને ફોલો કર્યો છે

**વિક્કી કૌશલ આ દિવસોમાં એની અપકમિંગ ફિલ્મ મેરે મહેબૂબ મેરે સનમમાં તૃપ્તિ ડિમરી અને ફાતિમા સના શેખની સાથે જોવા મળશે**


વિક્કી કૌશલ આ દિવસોમાં એની રિલીઝ થયેલી ફિલ્મ સૈમ બહાદુર અને ડંકીની સફળતાનો આનંદ લઈ રહ્યા છે. ડંકી મુવીને વિકેન્ડનો પૂરેપૂરો લાભ મળ્યો છે. શનિ-રવિમાં ડંકી મુવીનું બોક્સ ઓફિસ કલેક્શન વધી ગયુ છે. જો કે આ વચ્ચે એક મોટા અને ખુશીના સમાચાર આવ્યા છે. વિક્કી કૌશલને લઈને એક સારા સમાચાર આવ્યા છે. રવિવારના રોજ ઈન્ટરનેટ પર એક ખબર સામે આવી છે જેમાં જાણવા મળ્યુ છે કે વિક્કી કૌશલને ઈન્સ્ટાગ્રામે ફોલો કર્યુ છે. વિક્કી કૌશલ દ્રારા ફોલો કરવામાં આવેલા પહેલાં બોલિવૂડ સ્ટાર બની ગયા છે. પ્લેટફોર્મ પર સૌથી વધારે ફોલો કરવામાં આવેલા ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ઈન્સ્ટાગ્રામનું છે જેને ૬૬૫ મિલિયનથી પણ વધારે ફોલોઅર્સ છે. જો કે હવે પેજ બદલામાં માત્ર ૮૧ એકાઉન્ટ ફોલો કરે છે એમાંથી એક હવે વિક્કી કૌશલનું છે. વિક્કી કૌશલ હવે ઈન્સ્ટાગ્રામ દ્રારા ફોલો કરવામાં આવેલા પહેલાં બોલિવૂડ સ્ટાર બની ગયા છે. વિરલ ભાયાણીના ઈન્સ્ટાગ્રામ પર આ ન્યૂઝ શેર કર્યા પછી તરત નેટિજન્સ એમના રિએક્શન આપવા લાગ્યા છે. એક યુઝરે લખ્યુ છે કે વિક્કી બહુ સારું કામ કરે છે, અત્યાર સુધીમાં કોઈ પણ ફિલ્મમાં એમનું પ્રદર્શન ખરાબ રહ્યું નથી. ફિલ્મમાં દરેક વખતે એમની એક્ટિંગ ધમાકેદાર હોય છે. જ્યારે એક યુઝર્સે લખ્યુ છે કે ખરેખર આ બહુ મોટી વાત છે, હું ફોલોઅર્સની સંખ્યા અને સફળતાની હકીકતને સમજવામાં અસફળ રહ્યો છે તેમ છતા વિક્કી માટે ખુશ છું. તમને જણાવી દઈએ કે વિક્કી કૌશલ હાલમાં શાહરુખ ખાનની ફિલ્મ ડંકીમાં જોવા મળ્યો હતો. આ સાથે વિક્કીની ફિલ્મ સૈમ બહાદુર મુવીએ પણ બોક્સ ઓફિસમાં સારી કમાણી કરી છે. આ ફિલ્મમાં વિક્કી કૌશલે ફીલ્ડ માર્શલ સૈમ માનેકશોનો રોલ પ્લે કર્યો છે. વિક્કી કૌશલ આ દિવસોમાં એની અપકમિંગ ફિલ્મ મેરે મહેબૂબ મેરે સનમમાં તૃપ્તિ ડિમરી અને ફાતિમા સના શેખની સાથે જોવા મળશે. આમ, તમને જણાવી દઈએ કે આ ફિલ્મનું નિર્દેશન આનંદ તિવારીએ કર્યુ છે અને ફિલ્મ આગામી વર્ષ ૨૦૨૪માં ફેબ્રુઆરીના રોજ મલ્ટીપ્લેક્સમાં રિલીઝ થશે.

# સુનીલ શેટ્ટીના દીકરા અહાનનું તાનિયા શ્રોફ સાથે બ્રેકઅપ

**અલગ થઈ ગયેલા કપલના એક નજીકના ફ્રેન્ડે બ્રેકઅપની પુષ્ટિ કરી છે, ૧૧ વર્ષ જૂના સંબંધનો અંત આવી ગયો છે**



સુનીલ શેટ્ટીના દીકરા અહાન શેટ્ટીના બ્રેકઅપની ચર્ચા જોરશોરથી ચાલી રહી છે. અહાન શેટ્ટીએ તાનિયા શ્રોફ સાથે બ્રેકઅપ કરી લીધું છે. અમારા સહયોગી ઈટાઈમ્સના રિપોર્ટ અનુસાર, આ જોડીએ લગભગ એક મહિના પહેલા જ બ્રેકઅપ થઈ ગયું છે. અહાન અને તાનિયા છેલ્લા ૧૧ વર્ષથી એકબીજાને ડેટ કરી રહ્યા હતા. મીડિયા રિપોર્ટ પ્રમાણે, તેઓ સ્કૂલમાં સાથે ભણતા હતા અને ત્યારથી તેમની વચ્ચે પ્રેમ પાંગર્યો હતો. અહાન અને તાનિયા કેટલીયવાર પાર્ટીઓમાં સાથે જોવા મળ્યા હતા. પરંતુ છેલ્લા ઘણાં દિવસથી બંને સાથે નહોતા દેખાઈ રહ્યા. અલગ થઈ ગયેલા આ કપલના એક નજીકના ફ્રેન્ડે બ્રેકઅપની પુષ્ટિ કરી છે. તેણે કહ્યું, ૧૧ વર્ષ જૂના સંબંધનો અંત આવી ગયો છે. ગત મહિને જ તેમનું બ્રેકઅપ થયું છે. હાલ અહાન સિંગલ છે અને આગળ વધવાની કોશિશ કરી રહ્યો છે. બંને કયા કારણે અલગ થયા એ તો તેઓ જ જાણે છે. ગત વર્ષે અહાન અને તાનિયાના લગ્નની ચર્ચા જોરશોરથી ચાલી રહી હતી. એ વખતે અહાને એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, "મેં ક્યારેય કંઈ છુપાવવાની કોશિશ નથી કરી અને ખુલીને વાત કરી છે. સ્ક્રીન પર દર્શકો તમારા પર્ફોર્મન્સને જોઈને તમને પ્રેમ કરશે, તમારે ઈમાનદાર રહીને તેમને પોતાની અસલ જિંદગીથી પણ અપડેટેડ રાખવા પડશે. મારા લગ્નની અફવા સામે મને કોઈ વાંધો નથી. હું હાલ લગ્ન નથી કરવાનો. હાલ મારું ધ્યાન કરિયર અને આગામી ફિલ્મોની ટ્રેનિંગ પર છે. અહાન અને તાનિયા ઈન્સ્ટાગ્રામ પર પણ એકબીજાને ફોલો કરતા હતા. જોકે, તાનિયાએ હવે એ પોસ્ટ ડિલીટ કરી દીધી છે જે તેણે આથિયા શેટ્ટીના લગ્ન બાદ શેર કરી હતી. બ્રેકઅપની ચર્ચા ખૂબ થઈ રહી છે ત્યારે તેના પર અહાને હજી સુધી કોઈ પ્રતિક્રિયા નથી આપી. અગાઉ એક ઈન્ટરવ્યૂમાં સુનીલ શેટ્ટીએ તાનિયાને અહાનનો પહેલો પ્રેમ ગણાવી હતી.








# અક્ષય કુમાર અને ટાઇગર શ્રોફ પોલીસની વાન પર ચઢી ગયા

જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટરમાં શનિવારની સાંજે ઉમંગ પોલીસ શોનું આયોજન કરવામાં આવ્યું. આ ઈવેન્ટમાં બોલિવૂડના અનેક સિતારાઓએ હાજરી આપી હતી. આ ઈવેન્ટની અનેક તસવીરો અને વિડીયો હાલમાં સામે આવી રહ્યા છે. આ દરમિયાન શાહરુખ ખાન, સલમાન ખાન, રણવીર સિંહ, કિયારા અડવાણી, દિપીકા પાદુકોણ, આલિયા ભટ્ટ, સિદ્ધાર્થ મલ્હોત્રા સહિત અનેક બી ટાઉનના સેલેબ્સે હાજરી આપી હતી. આ સિવાય ફિલ્મ મેકર્સથી લઈને સિંગર્સ સુધીના અનેક લોકોએ મહેફિલમાં ચાર ચાંદ લગાવી દીધા. પરંતુ આ દરમિયાન અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફે ઈવેન્ટમાં કંઈક એવું કર્યુ કે લોકોનું ધ્યાન ખેંચી લીધું. જો કે હાલમાં સોશિયલ મિડીયામાં એક વિડીયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે. આ વિડીયોમાં અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ પોલીસની વેન પર ચઢેલા જોવા મળે છે. આ દરમિયાન બન્ને ફેન્સ હેલ્લો બોલતા જોવા મળી રહ્યા છે. આટલું જ નહીં આ દરમિયાન બન્ને સ્ટાર્સ એક સાથે ફેન્સની હૂટિંગ પર પણ રિસ્પોન્સ આપતા જોવા મળી રહ્યા છે.

આમ, આ સમયે અક્ષય કુમાર હાથ મિલાવે છે અને માથુ ઝુકાવતો જોવા મળી રહ્યો છે. અક્ષય અને ટાઈગરનો આ વિડીયો હાલમાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે. પોલીસ વેન પર અક્ષય અને ટાઈગર બન્ને મસ્તી કરતા જોવા મળી રહ્યા છે. બન્ને સ્ટારનો આ ક્યૂટ વિડીયો હાલમાં સોશિયલ મિડીયામાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે. ફેન્સ આ વિડીયો પર એકથી એક ચઢિયાતી કોમેન્ટ્સ કરી રહ્યા છે. આ વિડીયો લોકોને ખૂબ પસંદ પડી રહ્યો છે. તમને જણાવી દઈએ કે ટાઈગર શ્રોફ અને અક્ષય કુમાર બન્ને જલદી બડે મિયાં છોટે મિયાંમાં સ્ક્રીન શેર કરતા જોવા મળશે. આ એક્શન ફિલ્મ આગામી વર્ષે ઈદના તહેવાર પર રિલીઝ થવા માટે તૈયાર છે. અક્ષય કુમારે સોશિયલ મિડીયા દ્વારા ઘણી વાર ફેન્સને આ ફિલ્મથી ટાઈગરની ઝલક બતાવી છે જેમાં બંદૂક લઈને ફૂલ એક્શન મુડમાં નજરે પડી રહ્યા છે. આ સિવાય અક્ષય કુમારની પાસે હેરા-ફેરી ૩, હાઉસફૂલ ૫, વેલકમ ટૂ ધ જંગલ અને સ્કાઈ ફોર્સ જેવી અનેક ફિલ્મોનો સમાવેશ થાય છે.





# કિંગ પર ભારે પડ્યો બાહુબલી શાહરુખ પણ જોતો રહી ગયો

બોલીવુડ માટે વર્ષ ૨૦૨૩ એક કાળી રાત બાદ નવી સવાર લઈને આવ્યું હતું. આ વર્ષની શરુઆત શાહરુખ ખાને પોતાની ફિલ્મ પઠાનથી કરી હતી. પઠાને પહેલા જ દિવસે ૫૫ કરોડની ઓપનિંગ કરી હતી. ત્યાર બાદ જવાન આવી તો બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી દીધી. આ ફિલ્મે પણ ૬૫ કરોડની ઓપનિંગ કરી અને બંને ફિલ્મોએ ૧૦૦૦-૧૦૦૦ કરોડ રૂપિયાની વર્લ્ડવાઈડ બોક્સ ઓફિસ પર કમાણી કરી નાખી હતી. પણ શાહરુખ ખાનની આ વર્ષે રિલીઝ થયેલી ત્રીજી ફિલ્મ ડંકી લોકોને ખાસ પ્રભાવિત કરી શકી નથી. સાઉથ સિનેમા અને બોલીવુડની વચ્ચે બોક્સ ઓફિસની આ જંગમાં બોલીવુડનો ગુબ્બારો ફરી એક વાર ફુટતો દેખાઈ રહ્યો છે. શાહરુખ ખાનની સ્ટારડમનો જાદૂ ૨ ફિલ્મો બાદ ધીમો થતો દેખાઈ રહ્યો છે. તો વળી ૨૨ ડિસેમ્બરે રિલીઝ થયેલી પ્રભાસ સ્ટારર ફિલ્મ સાલારે બોલીવુડને ફરીથી હંફાવી દીધું છે. ડંકીએ પહેલા જ દિવસે ૩૦ કરોડ રૂપિયાની ઓપનિંગ કરી હતી. ત્યાર બાદ શુક્રવારે રિલીઝના બે દિવસમાં તેના ક્લેક્શનમાં ભારે ઘટાડો થયો હતો. ડંકીએ બીજા દિવસે ૧૪ કરોડની કમાણ કરી. હવે બે દિવસમાં ડંકીનું કલેક્શન ૪૪ કરોડ રૂપિયાએ પહોંચી ગયું છે. તો વળી પ્રભાસની સાલારે પહેલા જ દિવસની કમાણીની વાત કરીએ તો, અનુમાનિત ૯૫ કરોડ હોવાનું કહેવાય છે. ડાયરેક્ટર પ્રશાંત નીલની ફિલ્મ સાલારે બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી છે. સાલાર ડોમેસ્ટિક બોક્સ ઓકિસ પર પણ સારુ પ્રદર્શન કરી રહી છે.

# સંસદ સભ્ય હસમુખભાઈ પટેલ અને ધારાસભ્ય દિનેશસિંહ કુશવાહની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં સરસપુર વોર્ડમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમો યોજાયા

। અમદાવાદ, તા.૨૫ ।



વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત અમદાવાદ શહેરમાં મ્યુનિ. કોર્પોરેશનના ઉત્તરઝોનના સરસપુર વોર્ડમાં સંસદ સભ્ય શ્રી હસમુખભાઈ પટેલ અને ધારાસભ્ય દીનેશસિંહ કુશવાહની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં ૨૪-૧૨-૨૦૨૩ ના રોજ વિકસિત ભારત રથના આગમન સાથે વિવિધ યોજનાના પ્રચાર પ્રસાર અને લાભોના વિતરણનો કાર્યક્રમ યોજાયા હતા.

સરસપુર અર્બન હેલ્થ સેન્ટર ખાતે સવારે અને હરિભાઈ ગોદાણી સર્કલ પાસે બપોર બાદ વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયા હતા. આ કાર્યક્રમોમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને વિવિધ યોજનાઓના લાભો વિતરણ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અંગે નાગરિકોને માહિતગાર કરવામાં આવ્યા હતા તથા વિવિધ યોજનાઓ અંતર્ગત પાત્રતા ધરાવતા લાભાર્થીઓનું નામાંકન કરવામાં આવ્યું હતું. અંદાજિત ૩૦૨૧ જેટલા લોકો આ કાર્યક્રમોમાં સહભાગી થયા હતા. ઉપસ્થિત સૌ લોકોને વિકસિત ભારત સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો.

બન્ને કાર્યક્રમો અંતર્ગત ૧૪૭૦ લાભાર્થીઓને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, ૩૧૭ લાભાર્થીઓને પીએમ સ્વનિધિ યોજના, ૨૮ લાભાર્થીઓને પીએમ ઉજ્જવલા યોજના, ૧૦૮ લાભાર્થીઓને સ્વચ્છ ભારત અભિયાન (અર્બન), ૫૮ લાભાર્થીઓને પીએમ મુદ્રા લોન, ૭૭ લાભાર્થીઓને પીએમ વિશ્વકર્મા, ૩૪ લાભાર્થીઓને પીએમ ઈ-બસ સેવા, ૨૮ લાભાર્થીઓને ઉજાલા યોજના સહિત પીએમ ભારતીય જન ઔષધી પરિયોજના અંતર્ગત ૧૩૦ લાભાર્થીઓને લાભો/યોજનાકીય માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત ૩૬૧ લાભાર્થીઓને આધાર કાર્ડ કઢાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. ખેલો ઈન્ડિયા અંતર્ગત ૫૭ ખેલાડીઓના રજીસ્ટ્રેશન કરવામાં આવ્યાં હતાં. ૧૩૭૦ લોકોએ આ પ્રસંગે યોજવામાં આવેલા આરોગ્ય ચકાસણી કેમ્પનો લાભ મેળવ્યો હતો. જે અંતર્ગત નાગરિકોની ટી. બી., ડાયાબિટીસ, હાયપરટેન્શન જેવા રોગો માટે આરોગ્ય ચકાસણી અને સ્કીનીંગ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગોએ પૂર્વ મેયર શ્રી કિરીટભાઈ પરમાર, કાઉન્સિલર શ્રીઓ, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી(ઉત્તર ઝોન) તેમજ વિવિધ કમિટીઓના સભ્યો/ચેરમેન, મ્યુનિ. કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને રસાયણ અને ખાતર મંત્રી

# ડૉ. મનસુખ માંડવિયાએ વર્ચ્યુઅલ રીતે 'મેડટેક' મિત્ર 'લોન્ચ કરી : મેડટેક ઈનોવેટર્સ અને એડવાન્સ હેલ્થકેર સોલ્યુશન્સને સશક્ત બનાવવાની વ્યૂહાત્મક પહેલ



" મેડટેક મિત્ર એ એક એવું પ્લેટફોર્મ છે જે દેશની યુવા પ્રતિભાઓનો હાથ પકડીને તેમના સંશોધન, જ્ઞાન, તર્ક વગેરેને અંતિમ સ્વરૂપ આપીને મદદ કરશે. અને તેમને નિયમનકારી મંજૂરી મેળવવામાં મદદ કરશે.'' તેમ કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને રસાયણ અને ખાતર મંત્રી ડો.મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું. તેમણે વર્ચ્યુઅલ રીતે ' સીહ્રીષ્ટર' મિત્ર ' લોન્ચ કર્યું: મેડટેક ઈનોવેટર્સ અને એડવાન્સ હેલ્થકેર સોલ્યુશન્સને સશક્ત બનાવવા માટેની વ્યૂહાત્મક પહેલ છે જે આજે અહીં પ્રો. એસપી સિંહ ભાગેલ , કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી જેઓ વર્ચ્યુઅલ રીતે જોડાયા હતા અને ડૉ. વી.કે. પોલ, સભ્ય આરોગ્ય, નીતિ આયોગની હાજરીમાં ખુલ્લી મૂકાઈ.

આ પ્રસંગે બોલતા ડો. માંડવિયાએ જણાવ્યું હતું કે ''મેડિકલ ડિવાઈસ સેક્ટર એ ભારતના હેલ્થકેર સેક્ટરનો આવશ્યક અને અભિન્ન ઘટક છે. વિકસીત ભારતના વિઝનને અનુસરીને , ભારત ૨૦૪૭ સુધીમાં દેશમાં આરોગ્યના લેન્ડસ્કેપમાં પરિવર્તન લાવવાના વિઝન સાથે આરોગ્ય પ્રત્યે સર્વગ્રાહી અભિગમ અપનાવી રહ્યું છે''. ભારતનું મેડટેક સેક્ટર ૮૦% સુધીનું માપન અત્યંત આયાત આધારિત છે તેની નોંધ લેતા, કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે ''દેશમાં તબીબી ઉપકરણો પૂરા પાડવામાં આવે તેની ખાતરી કરવા માટે, આ ક્ષેત્રે ઉત્પાદન સાથે જોડાયેલ પ્રોત્સાહક યોજનાઓના અમલીકરણ અને રોકાણ માટે મેડિકલ ડ્રગ પાર્ક, મેડટેક સંશોધન નીતિ અને મેડટેક સંશોધન પ્રોત્સાહન યોજનામાં અસાધારણ પ્રગતિ જોઈ છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે ''આ સહયોગી પહેલ, સસ્તા, ગુણવત્તાયુક્ત મેડટેક ઉપકરણો અને ડાયગ્નોસ્ટિક્સના સ્વદેશી વિકાસને સરળ બનાવશે જે આ ક્ષેત્રની આયાત નિર્ભરતામાં નોંધપાત્ર ઘટાડા તરફ દોરી જશે.'' આ ક્ષેત્રની વૃદ્ધિ અને સંભવિતતા પર ભાર મૂકતાં ડૉ. માંડવિયાએ કહ્યું કે ''મને વિશ્વાસ છે કે ભારત ૨૦૩૦ સુધીમાં ૫૦ અબજ ડોલરનો ઉદ્યોગ બની જશે.''

ટેકનોલોજીમાં ઝડપી વિકાસની ગતિને ઉજાગર કરતા ડૉ. માંડવિયાએ ઉમેર્યું હતું કે ''રોબોટિક્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, બિગ ડેટા, વર્ચ્યુઅલ રિયાલિટી, નેનો ટેક્નોલોજી જેવા ક્ષેત્રોમાં થઈ રહેલા વિકાસને કારણે આજે મેડિકલ ડિવાઈસ સેક્ટર ઝડપથી બદલાઈ રહ્યું છે.'' ઈનોવેટર્સ અને યુવાનોની પહેલ અને પ્રયત્નોને બિરદાવતા ડૉ. માંડવિયાએ જણાવ્યું હતું કે ''દેશમાં સંશોધનકારો, સંશોધકો અને સ્ટાર્ટ અપ યુવાનોમાં અપાર શક્તિ છે જેઓ સંશોધન અને તર્ક વિકાસ કેવી રીતે કરવું તે જાણે છે . જો મંજૂરીના તબક્કે જ કોઈને મદદ મળે, તો અજાયબીઓ હાંસલ કરી શકાય છે જે ભારતને આત્મનિર્ભર બનવા અને વિકસીત ભારતનું વિઝન હાંસલ કરવામાં માઈલો આગળ લઈ જશે.

# ઈન્દોરમાં 'મઝદૂરોં કા હિત મજદૂરોં કો સમર્પિત' કાર્યક્રમમાં પ્રધાનમંત્રીના વક્તવ્યનો મૂળપાઠ

મધ્ય પ્રદેશના ઊર્જાવાન મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવ, લોકસભાના પૂર્વ અધ્યક્ષ અને લાંબા સમય સુધી ઈન્દોરની સેવા કરનારા, એવા આપ ણા સૌના તાઈ સુમીત્રા તાઈ, સંસદમાં મારા સાથીઓ..., નવી વિધાનસભામાં ચૂંટાયેલા ધારાસભ્યો, અન્ય મહાનુભાવો, અને મારા વહાલા મજૂર ભાઈઓ અને બહેનો,

આજનો કાર્યક્રમ આપણા શ્રમજીવી ભાઈઓ-બહેનોની વર્ષોની તપસ્યાને અંજલિ સમાન છે., તેમના ઘણા વર્ષોના સપના અને સંકલ્પોનું પરિણામ. અને મને ખુશી છે કે આજે અટલજીની જયંતી છે, પરંતુ ભારતીય જનતા પાર્ટીની આ નવી સરકાર, નવા મુખ્યમંત્રી અને મધ્યપ્રદેશમાં મારો પ્રથમ જાહેર કાર્યક્રમ અને તે પણ ગરીબ, મારા કચડાયેલા મજૂર ભાઈઓ અને બહેનો માટે ત્યાં હોવું અને આવા કાર્યક્રમમાં ભાગ લેવાની તક મેળવવી, આ મારા માટે ખૂબ જ સંતોષની વાત છે.

મને વિશ્વાસ છે કે ડબલ એન્જિન સરકારની નવી ટી-મને અમારા મજૂર પરિવારોના આશીર્વાદ મળશે. ગરીબોના આશીર્વાદ અને તેમનો સ્નેહ, તેમનો પ્રેમ શું હોઈ શકે છે આશ્ચર્યજનક, હું આ વાત સારી રીતે જાણું છું. મને ખાતરી છે કે મધ્યપ્રદેશની નવી ટીમ આગામી દિવસોમાં આવા ઘણા વધુ લક્ષ્યો પ્રાપ્ત કરશે. મને કહેવામાં આવ્યું છે કે, જ્યારે હુકુમચંદ મિલના કામદારો માટે પેકેજની જાહેરાત કરવામાં આવી હતી, ત્યારે ઈન્દોરમાં ઉજવણીનો માહોલ હતો. આ નિર્ણયથી આપણા શ્રમજીવી ભાઈ-બહેનોમાં તહેવારોનો આનંદ વધ્યો છે.

આજનો કાર્યક્રમ એટલા માટે પણ ખાસ છે કારણ કે આજે અટલ બિહારી વાજપેયીજીની જન્મજયંતી છે, આજે ગુડ ગવર્નન્સ ડે છે. અટલજીના મધ્ય પ્રદેશ સાથે સંબંધ, તેમનો સંબંધ, તે આપણે સૌ જાણીએ છીએ. હું આપ સૌને સુશાસન દિવસ પર આ કાર્યક્રમ માટે ખૂબ-ખૂબ અભિનંદન આપું છું, હું મારી શુભકામનાઓ પાઠવું છું.

**મારા પરિવારજનો**

આજે ૨૨૪ કરોડ રૂપિયાનો ચેક ટોકન તરીકે સોંપવામાં આવ્યો છે. આગામી દિવસોમાં આ રકમ મજૂર ભાઈ-બહેનો સુધી પહોંચશે. હું જાણું છું કે તમે ઘણા પડકારોનો સામનો કર્યો છે. પરંતુ હવે તમારી સામે સોનેરી ભવિષ્યની સવાર છે. ઈન્દોરના લોકો ૨૫ ડિસેમ્બરને કામદારોને ન્યાય મળ્યો તે દિવસ તરીકે યાદ કરશે. હું તમારી ધીરજને નમન કરું છું, હું તમારી મહેનતને સલામ કરું છું.

**સાથીઓ**

મેં હંમેશા કહ્યું છે કે દેશમાં મારા માટે ૪ જ્ઞાતિઓ સૌથી મોટી છે. આ મારી ચાર જ્ઞાતિઓ છે - મારા ગરીબો, મારા યુવાનો, મારી માતાઓ અને બહેનો, મહિલાઓ અને મારા ખેડૂત ભાઈઓ અને બહેનો. મધ્યપ્રદેશની સરકારે ગરીબોના જીવનમાં પરિવર્તન લાવવા માટે મહત્વપૂર્ણ પગલા લીધા છે. ગરીબોની સેવા, કામદારો પ્રત્યે આદર અને વંચિતો માટે આદર એ અમારી પ્રાથમિકતા છે. અમારો પ્રયાસ છે કે દેશના શ્રમિકો સશક્ત બને અને સમૃદ્ધ ભારતના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપે.

**પરિવારજનો,**

સ્વચ્છતા અને સ્વાદ માટે પ્રખ્યાત ઈન્દોર અનેક ક્ષેત્રોમાં અગ્રેસર રહ્યું છે. ઈન્દોરના વિકાસમાં અહીંના ટેક્સટાઈલ ઉદ્યોગે મહત્વની ભૂમિકા ભજવી છે. અહીં ૧૦૦ તમે બધા વર્ષો જૂના મહારાજા તુકોજીરાવ ક્લોથ માર્કેટની ઐતિહાસિકતાથી પરિચિત છો. શહેરની પ્રથમ સુતરાઉ મિલની સ્થાપના હોલકર રાજવી પરિવાર દ્વારા કરવામાં આવી હતી. માલવા સુતરાઉ બ્રિટન અને ઘણા યુરોપિયન દેશોમાં ગયો અને ત્યાંની મિલોમાં કાપડ બનાવવામાં આવતું હતું. એક સમય હતો જ્યારે ઈન્દોરના બજારો, તેઓ કપાસના ભાવ નક્કી કરતા હતા. ઈન્દોરમાં બનેલા કપડાની દેશ-વિદેશમાં માંગ હતી. અહીં કાપડની મિલો રોજગારીનું મોટું કેન્દ્ર બની ગઈ હતી. આ મિલોમાં કામ કરતા ઘણા કામદારો અન્ય રાજ્યોમાં થી આવ્યા હતા અને અહીં સ્થાયી થયા હતા. આ તે સમયગાળો હતો જ્યારે ઈન્દોરની તુલના માન્ચેસ્ટર સાથે કરવામાં આવી હતી. પરંતુ સમય બદલાયો અને ઈન્દોરને પણ અગાઉની સરકારોની નીતિઓનું નુકસાન સહન કરવું પડ્યું.

ડબલ એન્જિન સરકાર, તે ઈન્દોરની તે જૂની મહિમાને પાછો લાવવાનો પણ પ્રયાસ કરી રહી છે. ભોપાલ-ઈન્દોર વચ્ચે ઈન્વેસ્ટમેન્ટ કોરિડોરનું નિર્માણ થઈ રહ્યું છે. ઈન્દોર-પીથમપુર ઈકોનોમિક કોરિડોર અને મલ્ટિ-મોડલ લોજિસ્ટિક પાર્કનો વિકાસ, વિક્રમ ઉદ્યોગ પુરીમાં મેડિકલ ડિવાઈસ પાર્ક, ધાર જિલ્લાના ભાઈસોલામાં પીએમ મિત્ર પાર્ક નજીક છે, આના પર સરકાર દ્વારા હજારો કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવી રહ્યું છે. આનાથી અહીં રોજગારની હજારો નવી તકો ઉભી થવાની સંભાવના છે. આ વિકાસ યોજનાઓથી અહીંની અર્થવ્યવસ્થામાં ઝડપથી વધારો થશે.



। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૫ ।

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ (રમત ગમત યુવા અને સંસ્કૃતિક પ્રવુતિઓ વિભાગ અંતર્ગત) સૂર્ય નમસ્કાર સ્પર્ધા ૨૦૨૪-૨૦૨૪ તાલુકા કક્ષા મોરવા (હ)શ્રી મહાત્મા ગાંધી વિદ્યાલય વંદેલી ખાતે તા. ૨૩/૧૨/૨૦૨૩ના રોજ યોજાઈ. કાર્યક્રમનું ઉદ્ઘાટન દીપ પ્રાગટ્ય. પાર્થના અને મોરવા હડફ કન્વીનર અને આચાર્યશ્રી શ્રી મહાત્મા ગાંધી વિદ્યાલય વંદેલી ના શાબ્દિક પ્રવચન થી કરવામાં આવ્યું. સદર કાર્યક્રમ મા નિર્યાણક તરીકે વીણાબેન બારીયા ની ટીમ તેમજ બાબુભાઈ કાલસવા વીરસીંગભાઈ પલાસ હઠીસિંહ ખાંટ. રમેશભાઈ ડામોર ઉપસ્થિત રહ્યા હતા વંદેલી ક્લસ્ટર ના CRC શ્રી બબલભાઈ રાઠોડ અને અન્ય શાળા માંથી શિક્ષક શ્રી ઓ અને રમતવીરો હાજર રહ્યા હતા. તાલુકા કક્ષા ની સ્પર્ધામા ૨૨રમતવીરો એભાગ લીધો હતો તેમાં થી વય જૂથ પ્રમાણે ૧ભાઈ અને ૧બહેન મોકલવા માં આવશે ગ્રામ્ય કક્ષા એ જીતેલા ને પુરસ્કાર ૧૦૦અને તાલુકા મા વિજેતા ને ૧૦૦૦આપવામાં આવશે તે હવે પછી A/C મા જમા કરવામાં આવશે. સૂર્ય નમસ્કાર સ્પર્ધા તાલુકા કક્ષા મોરવા હડફ શ્રી મહાત્મા ગાંધી વિદ્યાલય વંદેલી મા શ્રી આર. સી. ચારેલ ના આયોજન હેઠળ યોજાય સ્ટાફ મિત્રો શ્રી રમેશભાઈ પટેલ. શ્રી એસ. બી વાઢી. સેવક શ્રી સમરસિંહ બારીયા. પ્રવાસી ધર્મિષ્ઠા બારીયાએ કાર્યક્રમમા મહત્વની કામગીરી કરી હતી.

# ઝાલોદ નગરમાં અયોધ્યામાં રામ મંદિરના પુન : પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે આંતર રાજ્ય સુંદરકાંડ સ્પર્ધા યોજાઈ

### મહંત શ્રી ૧૦૮ દયારામ દાસ બાપુ (પીપલખૂંટા આશ્રમ) મહંત શ્રી દયાનંદ બાપુ (ખોખરગામ ઇન્દ્રાલ કે બાજુ, વડોદરા), મીતા દીદી (બ્રહ્મકુમારી, ઝાલોદ) ઈસ્કોન મંદિર (સનાતન સ્વામી)

। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૫ ।

અયોધ્યામાં ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ માં રામ મંદિર પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી આખા દેશમાં કરવામાં આવનાર છે તેની પૂર્વ ભૂમિકા નિમિત્તે ઝાલોદ નગરમાં તારીખ ૨૪-૧૨-૨૦૨૩ રવિવારના દિવસે વણકતળાઈ સુંદરકાંડ મંડળ અને મીઠાચોક મિત્ર મંડળ દ્વારા આંતર રાજ્ય સુંદરકાંડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં નગરમાં રહેતા સહુ સનાતન હિન્દુ ધર્મ પ્રેમીઓ દ્વારા સંપૂર્ણ સહકાર આપવામાં આવ્યો હતો અને સફળ બનાવવામાં આવ્યો હતો.

ઝાલોદ નગરમાં ૨૪-૧૨-૨૦૨૩ રવિવારના રોજ સવારે ૧૧ વાગ્યે મુવાડા રામજી મંદિરે થી જય શ્રી રામના નાદ સાથે નગરમાં ભવ્ય બાઈક રેલી કાઢવામાં આવી હતી. આ બાઈક રેલીમાં સહુ બાઈક પર શ્રી રામ અને હનુમાનજીની પતાકાઓ લહેરાતી હતી. આ બાઈક રેલી અંદાજીત ૫૦૦ બાઈક સાથે ૧૨૦૦ જેટલી સંખ્યામાં લોકો જોડાયા હતા અને આ બાઈક રેલી મુવાડા થી પસાર થઈ મુવાડા ચોકડી, બસ સ્ટેશન થઈ ખાંટવાડા થી વડબજાર થઈ મીઠાચોક, કોળીવાડા થઇ ગીતામંદિર ખાતે સમાપન કરવામાં આવેલ હતી.

સાંજે ૪ વાગ્યે ભવ્ય જ્યોત યાત્રા સાથે રામજીની શોભાયાત્રા વણકતળાઈ હનુમાનજી મંદિરે થી નીકળી ,સ્વર્ણિમ સર્કલ, ગીતા મંદિર પહોંચી હતી. ગીતામંદિર ખાતે જ્યોત યાત્રા અને રામજીની આરતી કરી આ યાત્રા વડબજાર થઈ બી.એમ.હાઈસ્કૂલ પહોંચી હતી. આ જ્યોત યાત્રા ડી.જે ના તાલે ભજનોની રમઝટ સાથે નાચતા ઝૂમતા કાઢવામાં આવી હતી. આ જ્યોત યાત્રામાં પણ ભવ્ય માનવ મહેરામણ જોડાઈ પ્રોગ્રામને સફળ બનાવ્યું હતું.

સાંજે સાત વાગે વિશ્વકર્મા મંદિરે થી ઈસ્કોન મંદિરના સંતોની હરે કૃષ્ણની ધૂનની રમઝટ સાથે નીકળી હતી. આ સંત યાત્રામાં આમંત્રિત સંત ૧૦૮ દયારામ દાસ બાપુ, દયાનંદજી બાપુ, સનાતન સ્વામી તેમજ બ્રહ્મકુમારીઝના મીતા દીદી જોડાયા હતા. આ સંત યાત્રા બી.એમ.હાઈસ્કૂલના પ્રાંગણમાં આવતા પટેલ સમાજની મહિલા મંડળ, પંચાલ સમાજ મહિલા મંડળ તેમજ સુંદરકાંડ મહિલા મંડળની બહેનો દ્વારા પુષ્પ વર્ષા કરી



સંતોને આવકાર્યા હતા. ત્યારબાદ સંતો એ આંતર રાજ્ય સુંદરકાંડની સ્પર્ધાના મંચ પર લાવવામાં આવ્યા હતા. બાઈક રેલી, જ્યોત યાત્રા અને સંત યાત્રામાં આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતા નૃત્ય એ અનેરું આકર્ષણ નગરમાં ઉભું કર્યું હતું.

રાત્રીના આઠ વાગે આંતર રાજ્ય સુંદરકાંડ સ્પર્ધાની સરુંવાત આમંત્રિત સંતો એ દિપ પ્રજ્વલિત કરી મંચ ખુલ્લો મુકયો હતો. આ આંતર રાજ્ય સંગીતમય સુંદર કાંડ સ્પર્ધામાં કુલ છ ટીમોએ ભાગ લીધો હતો. દરેક ટીમોને દસ દોહા સંગીતમય સુંદરકાંડની પ્રસ્તુતિ કરવાં માટે આપવામાં આવેલ હતા. સંગીતમય સુંદરકાંડ સ્પર્ધામાં દરેક ટીમો વચ્ચે સુંદર સ્પર્ધા યોજાઈ હતી. દરેક ટીમો સાથે આગ્રાની મશહૂર ઝાંખી પણ પ્રદર્શિત કરવામાં આવી હતી. આ ઝાંખીમાં મુખ્યત્વે રામ દરબાર સાથે બાહુબલી હનુમાન, શિવ તાંડવ સાથે નૃત્ય, રાધે કૃષ્ણની અનુપમ છબી દર્શાવતી લીલાઓ, ખાંટુ શ્યામજી નો અલૌકિક દરબાર તેમજ કાલકા માતાનું અનુપમ રૂપ લીલાઓ સાથે પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ દરેક લીલાઓ જોઈ ઉપસ્થિત જન સમુદાય ઝૂમી ઉઠયું હતું.

આ આંતર રાજ્ય સુંદરકાંડ સ્પર્ધામાં પહેલાં નંબર પર મહાકાલ સુંદરકાંડ મંડળ ,બીજા નંબરે પનઘટ બાલાજી , ત્રીજા નંબરે કૃષ્ણ સુંદરકાંડ મંડળ આવેલ હતા. આ સ્પર્ધાનું યૂટ્યૂબના માધ્યમથી લાઈવ પ્રસારણ ચાલતું હતું. આ સુંદરકાંડ સ્પર્ધા જોવા હજારોની મેદની સ્કૂલના પ્રાંગણમાં આવી હતી. તેમજ આ સમગ્ર પ્રોગ્રામનું સ્ટેજ સંચાલન સંસ્કૃત ભાષાના જાણકાર એવા ગોપાલ શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે- ધ્યાન તથા યોગ લાભ લાવશે. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. રૉમાન્સ માટે સારો દિવસ. પગારમાં વધારો તમારો ઉત્સાબ વધારશે. તમારી તમામ નિરાશાઓ તથા ફરિયાદો દૂર કરવાનો અત્યારે સમય છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે માનસિક તથા મૂલ્ય શિક્ષણની સાથે શારીરિક શિક્ષણ લેશો તો જ તમારો સંપૂર્ણ વિકાસ શક્યા બનશે. યાદ રાખો એક સ્વસ્થ શરીરમાં જ એક સ્વસ્થ મગજ વસે છે. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે. સામાજિક પ્રવૃત્તિઓ આનંદનું માધ્યમ છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે જૂના મિત્ર સાથે પુર્નમિલન તમારા ઉત્સાહમાં ખાસ્સો એવો વધારો કરશે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ. આજે કોઈક તમારા પ્રેમની વચ્ચે આવી શકે છે. મહિલાઓ તમારી સફળતામાં મોટી ભૂમિકા ભજવશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારે ફાજલ સમય તમારા શોખ પોષવા માટે અથવા જે પ્રવૃત્તિઓ કરવી તમને સૌથી વધુ ગમે છે તે કરવામાં ફાળવવો જોઈએ. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. મિત્રો મદદરૂપ અને ખાસ્સા ઉપયોગી સાબિત થશે. કેટલાક માટે ભેટો તથા ફૂલોથી સભર રૉમેન્ટિક સાંજ જોવાય છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. આ વાત સારી રીતે સમજી લો કે દુઃખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો?

**તુલા (ર,ત) :**
આજના દિવસે બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. આજે તમે તમારા પ્રિયપાત્ર સામ તમારી લાગણીઓ વ્યક્ત નહીં કરી શકો. પ્રસ્થાપિત લોકો સાથે તથા એવા લોકો જેઓ તમને ભાવિ પ્રવાહો વિશે માહિતગાર કરાવી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે વધુ પડતું ભોજન લેવાનું ટાળો અને તમારા વજન પર નજર રાખો. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે. જો તમારે તમારા પ્રેમ જીવનસાથી ને જીવનસાથી બનાવવો હોય તો તમે આજે તેમની સાથે વાત કરી શકો છો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. આજે પાર્ટી માં તમારી મુલાકાત કોઈ એવા માણસ થી થયી શકે છે જે તમને નાણાકીય પક્ષ મજબૂત કરવા માટે મહત્વપૂર્ણ સલાહ આપી શકે છે. પરિવારમાં તમારો પ્રભુત્વવાળો અભિગમ બદલવાનો સમય પાકી ગયો છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારો કોઈ મિત્ર તમારી ઉદારતા તથા સહનશક્તિની મર્યાદાની કસોટી કરી શકે છે. તમારા મૂલ્યોનું જતન કરવામાં અને તમારા દરેક નિર્ણયમાં તર્કસંગત રહેવાની તકેદારી તમારે રાખવી પડશે. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જયારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો? તમને તમારા પરિવારની કેટલી પરવા છે તે તેમને સમજાય તે માટે તેમને શાબ્દિક તથા મૌન સંદેશ આપતા રહો. ખુશીને બમણી કરવા માટે તેમની સાથે ગુણવત્તાભર્યો સમય વિતાવો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારો હકારાત્મક દ્દષ્ટિકોણ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. મતભેદોને કારણે અંગત સંબંધો તૂટી શકે છે. તમારા કામના સ્થળે આજે ઢગલાબંધ પ્રેમ પ્રવર્તતો જોઈ શકશો. સેમિનાર તથા પ્રદર્શન તમને નવું જ્ઞાન તથા નવા સંપર્કો આપશે.

# યુપીના ૬૨ ગામોમાં કોંગ્રેસ-ટીએમસીના પ્રવેશ પર પ્રતિબંધ

## બાગપતના ફૈઝપુર નિનાના ગામમાં આ પંચાયતની બેઠક બોલાવવામાં આવી હતી જેમાં નિર્ણય લેવામાં આવ્યો

। ફૈઝપુર, તા.૨૫ ।

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડનું અપમાન કરવા બદલ સર્વસંમતિથી નક્કી કરવામાં આવ્યું હતું કે કોંગ્રેસ અને ટીએમસીના નેતાઓને પશ્ચિમ યુપીના ૬૨ ગામોમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં, જે નોંધપાત્ર ધનખર ગોત્ર વસ્તી ધરાવતા પ્રદેશ છે.

એક નોંધપાત્ર પગલામાં, જાટ સમુદાયે, ખાસ કરીને ધનખર ગોત્ર સાથે જોડાયેલા લોકોએ, પશ્ચિમ ઉત્તર પ્રદેશના ૬૨ ગામોમાં કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) નેતાઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે. આ સંદર્ભે, શુક્રવારે (૨૨ ડિસેમ્બર) બાગપત જિલ્લામાં સમુદાયની પંચાયત થઈ હતી. તાજેતરમાં ૧૯મી ડિસેમ્બરે સંસદ પરિસરમાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડની મિમિક્રી અને અપમાનને પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે.



બાગપતના ફૈઝપુર નિનાના ગામમાં ૨૨મી ડિસેમ્બરે આ પંચાયતની બેઠક બોલાવવામાં આવી હતી, જ્યાં સમુદાયના આગેવાનો અને રહેવાસીઓએ આ ઘટના પર ભારે નારાજગી વ્યક્ત કરી હતી. સમુદાયના સામૂહિક અવાજનું પ્રતિનિધિત્વ કરતી પંચાયતે ભારતના ઉપરાષ્ટ્રપતિના અપમાનના જવાબમાં અનેક પગલાં અમલમાં મૂકવાનો સંકલ્પ કર્યો. તે સર્વસંમતિથી નક્કી કરવામાં આવ્યું હતું કે કોંગ્રેસ અને ટીએમસીના નેતાઓને પશ્ચિમ યુપીના ૬૨ ગામોમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં, જે નોંધપાત્ર ધનખર ગોત્ર વસ્તી ધરાવતા પ્રદેશ છે. સમુદાયે મિમિક્રીનો એપિસોડ રેકોર્ડ કરનાર રાહુલ ગાંધી પાસેથી માફી માંગવાની પણ માંગ કરી છે.

પંચાયતે ઉપરાષ્ટ્રપતિનું અપમાન કરનારા રાજકારણીઓ માફી નહીં માંગે તો સંસદનો સંભવિત ઘેરાવો (ઘેરાવો) સહિત વિરોધ પ્રદર્શન કરવાનું પણ નક્કી કર્યું હતું. જેઓ અપમાનજનક કૃત્યનો ભાગ હતા અથવા જેઓ તેનું સમર્થન કરે છે તેમનો બહિષ્કાર કરવા અને વિરોધ કરવા ઉપસ્થિત લોકો સંમત થયા હતા.

ફૈઝપુર નિનાના ગામના પૂર્વ પ્રધાન હરેન્દ્ર સિંહે કહ્યું, "સંસદમાં જગદીપ ધનખડ જીના અપમાનના વિરોધમાં આ પંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમણે આવું કર્યું છે તેનો અમે હંમેશા વિરોધ કરીશું. પંચાયતમાં આ નિર્ણય લેવાયો છે. અમે આવી પાર્ટી કે અમારા સમુદાયનું અપમાન કરનાર વ્યક્તિને સમર્થન નહીં કરીએ. સમાજમાં ઘેરો રોષ છે. ધનખડ ગોત્ર, સમગ્ર ઓબીસી અને ખેડૂત ભાઈઓનું અપમાન સહન કરવામાં આવશે નહીં. તેમણે ઉમેર્યું, "ધનખડ ગોત્રના લોકો હરિયાણા અને રાજસ્થાનમાં પણ છે. આ લોકો કોઈપણ કિંમતે અપમાન સહન કરશે નહીં.

# ખ્રિસ્તી સંપ્રદાયના નેતાને જાતીય શોષણ કેસમાં ૨૩ વર્ષની જેલ

। સિઓલ, તા.૨૫ ।

દક્ષિણ કોરિયામાં ખ્રિસ્તી સંપ્રદાયના નેતા જેંગ મ્યુંગ સીઓકને જાતીય શોષણના કેસમાં જેલની સજા ફટકારવામાં આવી છે. તેઓ જેએમએસ (જીસસ મોર્નિંગ સ્ટાર્ટ) સંસ્થાના સ્થાપક છે, જેને 'પ્રોવિડન્સ ચર્ચ' તરીકે પણ ઓળખવામાં આવે છે. ૧૦ વર્ષની સજા ભોગવ્યા બાદ તેને ૨૦૧૮માં મુક્ત કરવામાં આવ્યો હતો. તેના પર તેની ચાર મહિલા સમર્થકો પર જાતીય સતામણી કરવાનો આરોપ હતો. તેણે ૨૦૦૧-૦૬ની વચ્ચે ઘણી વખત તેની સાથે જાતીય શોષણ કર્યું હતું. છૂટા થયા પછી, તેણે ફરીથી ચર્ચમાં જાતીય અપરાધ કરવાનું શરૂ કર્યું.

તેણે મેપલ યેપ નામની મહિલાનો શિકાર બનાવી. તેણે 'ધ નેમ ઓફ ગોડ: એ હોલી બેટ્રેયલ' નામની નેટફ્લિક્સ ડોક્યુમેન્ટ્રીમાં આ અંગે ખુલાસો કર્યો છે. આ ખુલાસા બાદ ફરી તપાસ શરૂ થઈ હતી. ડેજેઓન ડિસ્ટ્રિક્ટ પ્રોસિક્યુટર ઓફિસે બે વિદેશી અનુયાયીઓનું જાતીય શોષણ કરવા બદલ જંગ મ્યુંગ સીઓક સામે કેસ દાખલ કર્યો હતો. ફેબ્રુઆરી ૨૦૧૮ અને સપ્ટેમ્બર ૨૦૨૧ ની વચ્ચે, આ ખ્રિસ્તી નેતાએ ત્રણ મહિલાઓને ૨૩ વખત જાતીય સતામણી અને શોષણનો શિકાર બનાવી..

તેને ૩૦ વર્ષની જેલની સજા કરવાની માંગ કરવામાં આવી હતી અને દલીલ કરવામાં આવી હતી કે છેલ્લી વખત સજા થઈ હોવા છતાં તેનામાં કોઈ સુધારો થયો નથી. જેએમએસ ચર્ચ પર મહિલાઓનું શોષણ કરવાનો અને તેમને ડિપ્રેશનમાં લઈ જવાનો પણ આરોપ છે. શુક્રવારે (૨૨ ડિસેમ્બર, ૨૦૨૩), તેને ૨૩ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. તેની ચર્ચમાં થયેલી નિમણૂંક અને ત્યાં રહેતી મહિલાઓ અને યુવતીઓ ઉપરાંત યુવકોની પણ તપાસ કરવામાં આવશે. રિલીઝ થયા બાદ તેણે ૧૫ વર્ષ સુધી ઘૂંટણમાં ટ્રેકર પહેરવું પડશે.

અત્યાર સુધીમાં કુલ ૧૮ મહિલાઓએ તેની સામે યૌન શોષણના કેસ દાખલ કર્યા છે, જેમાંથી ઘણા કેસોની તપાસ હજુ પણ ચાલી રહી છે. તે મહિલાઓને બેભાન કરીને બળાત્કાર કરતો હતો.

તેમણે આ કાર્ય ૧૯૮૦માં શરૂ કર્યું હતું. તેમના અનુયાયીઓ તેમને મસીહા કહેવા લાગ્યા અને તેઓ પોતાને ઈસુ ખ્રિસ્તના અવતાર તરીકે વર્ણવે છે. ૯૦ના દાયકામાં પણ તે હેલ્થ ચેકઅપના નામે મહિલાઓનું યૌન શોષણ કરતો હતો. તેની સામે ઈન્ટરપોલે નોટિસ પણ જારી કરી હતી.

# બાલોતરાના સમદડી સ્ટેશન પાસે પેસેન્જર ટ્રેન પાટા પરથી ખડી પડી

। જયપુર, તા.૨૫ ।

રાજસ્થાનમાં એક મોટી ટ્રેન દુર્ઘટના ટળી હતી. બાલોતરાના સમદડી રેલ્વે સ્ટેશન પાસે ગઈકાલે એક પેસેન્જર ટ્રેન પાટા પરથી ઉતરતા અરાજકતા સર્જાઈ હતી. મળેલી માહિતી મુજબ જોધપુરથી પાલનપુર જતી ડેમો પેસેન્જર ટ્રેન સમદડી સ્ટેશનથી થોડી નજીક પાટા પરથી ઉતરી ગઈ હતી. જેથી ટ્રેનમાં મુસાફરી કરનાર લોકો ગભરાઈ ગયા હતા. ટ્રેન રોકાયા પછી તમામ મુસાફરો ટ્રેનમાંથી ઉતર્યા હતા. માંલેઈ માહિતી મુજબ ટ્રેનને અચાનક જ બ્રેક લગાવવામાં આવી જેથી ટ્રેન પાટા પરટી ઉતરી ગઈ. કહેવામાં આવી રહ્યું છે કે સ્ટેશન પહોંચતા પહેલા ગાયના ટ્રેનની સામે આવવાથી લોકો પાયલોટે અચાનક બ્રેક લગાવી હતી. જેના કારણે ટ્રેનના આગળના બે પૈડા પાટા પરથી ઉતરી ગયા હતા. તે પછી ટ્રેનમાં મુસાફરી કરતા મુસાફરો ગભરાઈ ગયા હતા. ટ્રેનના રોકાવાથી લાઈન પર અવરજવર પણ રોકી દેવામાં આવી હતી. આ ઘટનાના કારણે તે રૂટ પર ટ્રેન નંબર ૧૪૮૯૪ પાલનપુર-જોધપુર આજે રદ કરવામાં આવી છે. આ સાથે અજમેર ડિવિઝનના મદાર-પાલનપુર રેલ્વે સેક્શનમાં કામ ચાલી રહ્યું છે, જેના કારણે ટ્રાફિક બ્લોકની સમસ્યા પણ સામે આવી રહી છે. જેના કારણે રેલ્વેએ ટ્રેન નંબર ૧૪૮૨૧ જોધપુર-સાબરમતી એક્સપ્રેસને આજે રદ કરવાનો નિર્ણય કર્યો છે. આ સાથે ટ્રેન નંબર ૧૪૮૨૨ સાબરમતી-જોધપુર એક્સપ્રેસને આવતીકાલ માટે પણ રદ કરવામાં આવી છે.

### રશિયાના પાછલા બારણે યુદ્ધ વિરામના પ્રયાસ

# વાલ્દીમીર પુતિને યુક્રેન સાથે યુધ્ધ વિરામ માટે સંદેશો મોકલ્યો

। મોસ્કો, તા.૨૫ ।

યુક્રેન સાથે યુધ્ધ રોકવાનો ઈનકાર કરી ચુકેલા રશિયન રાષ્ટ્રપતિ પુતિને હવે યુક્રેન સાથે યુધ્ધ વિરામ કરવા માટે પાછલા બારણે હિલચાલ શરુ કરી હોવાના અહેવાલો સામે આવી રહ્યા છે.

અમેરિકાના એક અખબારના અહેવાલ અનુસાર રશિયાના બે પૂર્વ અધિકારીઓને પુતિનના પ્રતિનિધિઓએ સંદેશો મોકલીને યુધ્ધ વિરામની ઈચ્છા વ્યક્ત કરી છે. પુતિને તો એક વર્ષ પહેલા ૨૦૨૨માં પણ યુધ્ધ વિરામ કરવા માટેનો મેસેજ મોકલ્યો હતો અને ફરી પુતિને સંદેશો મોકલીને કહેવડાવ્યુ છે કે, રશિયા દ્વારા કબ્જો કરવામાં આવેલા વિસ્તારથી તેમને સંતોષ છે અને હાલની સ્થિતિમાં તેઓ સીઝ ફાયર માટે તૈયાર છે.

જોકે યુધ્ધ વિરામ થાય તો રશિયાએ જે વિસ્તારો પર કબ્જો જમાવ્યો છે તે યુક્રેનને પાછા મળશે કે નહીં તે બાબતનો કોઈ ઉલ્લેખ આ અહેવાલમાં કરવામાં આવ્યો નથી. સાથે સાથે એવુ પણ કહેવાયુ છે કે, યુધ્ધ વિરામ અંગે યુક્રેન દ્વારા બહુ જલ્દી કોઈ ઉત્તર આપવામાં નહીં આવે તો પુતિન પોતાનુ મન બદલી પણ શકે છે.

### તૃણૂમલના સાંસદનું વધુ એક વિવાદાસ્પદ નિવેદન

# ધનખડે બાળકની જેમ સામાન્ય વાતને લઈને હંગામો મચાવ્યો : બેનર્જી

। નવી દિલ્હી, તા.૨૫ ।

તૃણૂમલ સાંસદ કલ્યાણ બેનર્જીએ ફરી એકવાર ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડની મિમિક્રી કરી હતી. કલ્યાણ બેનર્જીના સંસદીય વિસ્તાર શ્રીરામપુરમાં એક સભાનું આયોજન કરાયું હતું. આ વખતે તેમાં તૃણમૂલ નેતાએ ધનખડની સાથે જ પીએમ મોદીની પણ મિમિક્રી કરી હતી. કલ્યાણ બેનર્જીએ કહ્યું કે મેં તો સંસદની બહાર મિમિક્રી કરી હતી પણ પીએમ મોદીએ તો સંસદની અંદર મિમિક્રી કરી હતી. તેમણે ઉપરાષ્ટ્રપતિ ધનખડ સામે આરોપ મૂકતાં કહ્યું કે તેમણે એક સામાન્ય વાત પર દેશથી લઈને વિદેશ સુધી રડી નાખ્યું. આ સાથે ટીએમસી નેતા બેનર્જીએ ધનખડની તુલના સ્કૂલના નાના બાળકો સાથે કરી હતી. કલ્યાણ બેનર્જીએ કહ્યું કે ઉપરાષ્ટ્રપતિ ધનખડ તેમના પદની બંધારણીય ગરિમાને નષ્ટ કરી રહ્યા છે કેમ કે તે પદની લાલચમાં પીએમ મોદી પ્રત્યે સન્માન પ્રગટ કરવાથી વધુ તેમની સામે સમર્પણ કરે છે. ધનખડ દ્વારા ખુદને ખેડૂતનો દીકરો ગણાવવા પર કલ્યાણે કહ્યું કે ધનખડ પાસે જોધપુરમાં કરોડોની સંપત્તિ છે. દિલ્હીમાં આલીશાન ફ્લેટ છે, તે રોજ લાખો રૂપિયાના સુટ પહેરે છે. સાથે જ ખેડૂતોની દીકરી સાક્ષી મલિકના સન્યાસ અને જાટ પુત્ર બજરંગ પુનિયાના પદ્મશ્રી સન્માન પરત કરી દેવા મામલે પણ મૌન સાધ્યું હતું. સંસદની સુરક્ષામાં ચૂક મામલે તેમણે પીએમ મોદી સામે નિશાન તાક્યું હતું. કલ્યાણે કહ્યું કે ફક્ત ઈતિહાસના પન્નાઓ પર પોતાનું નામ લખવા માટે પીએમ મોદીએ ઉતાવળે નવી સંસદના ભવનનું નિર્માણ કરાવ્યું પણ તેના બદલે તેમણે સાંસદોની સુરક્ષા સાથે કોમ્પ્રોમાઈઝ કર્યું.

### પેટીએમમાં ફરી એકવાર છટણી

# Paytmએ ફરી એકવાર તેના કર્મચારીઓને કંપનીમાંથી બહાર કરવાનો નિર્ણય લીધા

## અગાઉ રિઝર્વ બેન્કે અસુરક્ષિત લોન પર નિયમનકારી નિયંત્રણો લાદ્યા હતા જેની અસર પેટીએમ પર પણ પડી હતી

। નવી દિલ્હી, તા.૨૫ ।

ફિનટેક સ્ટાર્ટઅપ પેટીએમ ફરી એકવાર સમાચારમાં છે. એવા અહેવાલો છે કે **Paytm**એ ફરી એકવાર તેના કર્મચારીઓને કંપનીમાંથી બહાર કરવાનો નિર્ણય લીધો છે. અહેવાલો અનુસાર, **Paytm**એ છટણીમાં તેના કુલ કર્મચારીઓમાંથી લગભગ ૧૦ ટકા કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મુક્યા હતા. રિપોર્ટ અનુસાર, **Paytm**ની પેરન્ટ કંપની **One97 Communications**એ આ વખતે ૧૦૦૦થી વધુ કર્મચારીઓની છટણી કરી છે. આ મામલાને લગતા બે સ્ત્રોતોને ટાંકીને રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે આ છટણીઓ છેલ્લા કેટલાક મહિનાઓમાં થઈ છે અને **Paytm**ના વિવિધ એકમોના કર્મચારીઓ તેનો ભોગ બન્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે **Paytm** એ તેના ખર્ચને ઘટાડવા અને તેના વિવિધ વ્યવસાયોને ફરીથી ગોઠવવા માટે આ છટણી કરી છે.

**Paytm**ની આ છટણીમાં તેના કુલ કર્મચારીઓના લગભગ ૧૦ ટકા પ્રભાવિત થયા છે. કોઈપણ ભારતીય સ્ટાર્ટઅપમાં આને અત્યાર સુધીની સૌથી મોટી છટણી માનવામાં આવે છે. સ્ટાર્ટઅપ કંપનીઓ માટે પણ ૨૦૨૩ સારું વર્ષ સાબિત થયું નથી. આ વર્ષે ભારતીય સ્ટાર્ટઅપ્સે પ્રથમ ત્રણ ક્વાર્ટરમાં ૨૮ હજારથી વધુ કર્મચારીઓની છટણી કરી છે. અગાઉ વર્ષ ૨૦૨૨માં સ્ટાર્ટઅપ કંપનીઓએ ૨૦ હજારથી વધુ કર્મચારીઓની છટણી કરી હતી અને ૨૦૨૧માં ૪ હજારથી વધુ કર્મચારીઓની છટણી કરવામાં આવી હતી.

જો આપણે ફિનટેક સેક્ટર પર નજર કરીએ તો **Zestmoney** આ મહિનાના અંત સુધીમાં બંધ થઈ જશે. અગાઉ રિઝર્વ બેંકે અસુરક્ષિત લોન પર નિયમનકારી નિયંત્રણો લાદ્યા હતા જેની અસર પેટીએમ પર પણ પડી હતી. આરબીઆઈની કાર્યવાહી બાદ **Paytm** એ સ્મોલ ટિકિટ કન્ઝ્યુમર લેન્ડિંગ અને બાય નાઉ, પે લેટર બિઝનેસ બંધ કરવાનો નિર્ણય લીધો હતો.

# દહેજમાં ક્રેટા કાર માગનારા વરરાજા અન જાનનું સરઘસ કાઢવામાં આવ્યું

। બુલંદશહેર, તા.૨૫ ।

દહેજમાં ક્રેટા ન મળવાથી નારાજ વરરાજાએ લગ્ન કરવાની ના પાડી. કન્યા પક્ષે વરરાજાને દહેજમાં બ્રેઝા કાર આપી હતી પરંતુ વરરાજા ક્રેટા કારની માંગ પર અડગ હતો. કન્યા પક્ષે લગ્નની આખી જાનને બંધક બનાવી લગ્નની જાનનો વીડિયો વાઈરલ કર્યો હતો. અંતે લગ્ન પાછળ ખર્ચેલા ૧૭ લાખ ૨૫ હજાર રૂપિયા પરત આપતા મામલો થાળે પડ્યો. ૧૭.૨૫ લાખમાંથી વર પક્ષે ૧૨ લાખ ૫૦ હજાર રોકડા પરત કર્યા અને કાર ગીરો મુકી અને બાકીની રકમ પરત ન આવે ત્યાં સુધી સોનાના દાગીના.પેમેન્ટ પેટે ચૂકવ્યા બાદ ગ્રામજનોએ વરરાજાને અને લગ્નની જાનને બંધનમાંથી મુક્ત કરવામાં આવી. ગાઝિયાબાદના મોદીનગર તાલુકાના કલછીના ગામથી અગોટાના બગવાલા ગામ સુધી લગ્નની જાનનું સરઘસ કાઢવામાં આવ્યું હતું.

# ટાટા સ્ટીલ સાથે રતન ટાટાનું ૬૨ વર્ષ જૂનું જોડાણ




ત્રણ દિવસ પછી દેશના સૌથી મોટા ઉદ્યોગપતિ રતન ટાટા ૮૬ વર્ષના થઈ જશે. આજે આપણે માત્ર રતન ટાટા વિશે જ વાત નહીં કરીએ. તે કંપનીની પણ વાત કરવામાં આવશે જેની સાથે રતન ટાટાનું ૬૨ વર્ષ જૂનું કનેક્શન છે. વાત થશે તે બિઝનેસની જેની સાથે રતન ટાટાએ પોતાના કરિયરની શરૂઆત કરી હતી. આજે આપણે તે કંપની વિશે પણ વાત કરીશું, જેની ચર્ચા વર્તમાન સમયમાં સતત થઈ રહી છે. હા, આ કંપની બીજું કોઈ નહીં પણ ટાટા સ્ટીલ છે. જ્યારે પણ રતન ટાટાની વાત થશે ત્યારે ટાટા સ્ટીલની પણ ચર્ચા થશે.. ૧૯૬૧માં જ્યારે રતન ટાટા ગ્રુપમાં જોડાયા ત્યારે તેમણે ટાટા સ્ટીલથી પોતાની કારકિર્દીની શરૂઆત કરી. જે બાદ તેને સમગ્ર ગ્રુપની કમાન સોંપવામાં આવી હતી.

સમગ્ર જૂથ અને ટાટા સ્ટીલ આજે જે સ્થિતિમાં છે. તે કોઈનાથી છુપાયેલો નથી. આજે જૂથ ઘણી નાની કંપનીઓને ટાટા સ્ટીલમાં મર્જ કરી રહ્યું છે. જેથી કરીને આ બિઝનેસ અને કંપનીને વધુ મોટી બનાવી શકાય. તો ચાલો તમને એ પણ જણાવીએ કે શું છે ટાટા સ્ટીલ અને રતનની વાર્તા. છેલ્લા ૨૫ વર્ષમાં કંપનીએ રોકાણકારો માટે કેટલી આવક મેળવી છે?.. જેટલી આપણે **TCS** વિશે વાત કરીએ છીએ, તેટલી જ આપણે **Tata Motors** વિશે વાત કરીએ છીએ. ટાઈટનના નામનો પણ ઘણો ઉપયોગ થાય છે. ટાટા કન્ઝ્યુમરથી લઈને ઈન્ડિયન હોટેલ્સ સુધી, ટાટા ગ્રુપની વિવિધ કંપનીઓની ચર્ચા કરવામાં આવી છે.

ટાટા સ્ટીલનો એટલો ઉલ્લેખ નથી. આના કેટલાક મહત્વપૂર્ણ કારણો પણ છે. ૧.૬૪ લાખ કરોડ રૂપિયાની કંપનીના શેરની કિંમત માત્ર ૧૩૩ રૂપિયા છે. જે ગ્રૂપની અન્ય કંપનીઓ કરતા ઘણી ઓછી છે. કંપની પોતાનું કામ ખૂબ જ શાંતિથી કરે છે. કંપનીની વૃદ્ધિ પણ ન તો ખૂબ ઊંચી કે ખૂબ ઓછી છે.. તે પછી પણ આ કંપની રતન ટાટાની કારકિર્દી માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ તે કંપની છે જેમાં રતન ટાટાએ તેમની કારકિર્દીની શરૂઆત કરી હતી જ્યારે તેઓ તેમનો અભ્યાસ પૂર્ણ કરીને ભારત પાછા ફર્યા હતા. તે વર્ષ હતું ૧૯૬૧. ૧૯૦૭માં સ્થપાયેલી આ કંપની રતન ટાટાની ઉંમર કરતા ૩૦ વર્ષ મોટી છે. જેમાં ઘણા ઉતાર-ચઢાવ જોવા મળ્યા. આઝાદી પહેલા અને પછીના ફેરફારો જોયા અને દેશની પ્રગતિમાં મહત્વનું યોગદાન આપ્યું. એવું જ એક 'રતન' આપ્યું, જેને પાછળથી દેશમાં 'ભારત રત્ન' આપવામાં આવ્યો.. હાલમાં ટાટા સ્ટીલ ખૂબ જ સમાચારોમાં છે. તેનું કારણ ટાટા સ્ટીલમાં ઘણી કંપનીઓનું મર્જર છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સબસિડિયરી કંપની ઈન્ડિયન સ્ટીલ એન્ડ વાયર પ્રોડક્ટ્સના ટાટા સ્ટીલ સાથે મર્જરના સમાચાર સામે આવી રહ્યા છે. ૨૫ જાન્યુઆરીએ ટાટા સ્ટીલે રોકાણકારો સાથે બેઠકની જાહેરાત કરી છે. જેમાં અનેક મહત્વના નિર્ણયો લેવામાં આવી શકે છે.

આ બેઠકમાં કંપનીના મર્જરની પણ જાહેરાત થઈ શકે છે. વર્ષ ૨૦૨૨માં ટાટા સ્ટીલ દ્વારા ભારતીય સ્ટીલ અને વાયર પ્રોડક્ટ્સના મર્જરને મંજૂરી આપવામાં આવી હતી. જેમાં વધુ ૬ સબસિડિયરી કંપનીઓના નામ સામેલ હતા. જેમાં **Tata Steel Long Products, Tinplate Company of India, Tata Mªallics, TRF, The Indian Steel, Tata Steel Mining Limited, Tata Steel Limited** અને **S&T Mining** વગેરે નામો લઈ શકાય. હવે **NCLT** દ્વારા જારી કરવામાં આવેલી માર્ગદર્શિકા પછી, ટાટા સ્ટીલ પણ સક્રિય થઈ ગઈ છે અને તેના મર્જર પ્રોગ્રામને લઈને સમાચારોમાં છે.. જો રોકાણકારોના દૃષ્ટિકોણથી વાત કરીએ તો ટાટા સ્ટીલે ૨૪ વર્ષમાં રોકાણકારોને ૮૨૭ ટકા વળતર આપ્યું છે. ૨૪ ડિસેમ્બર, ૧૯૯૯ના રોજ, **NSE** પર કંપનીનો શેર રૂ. ૮.૧૦ હતો. આજે કંપનીના શેર રૂ. ૧૩૩.૪૫ પર છે. આનો અર્થ એ થયો કે જો કોઈ રોકાણકારે ૨૪ ડિસેમ્બર, ૧૯૯૯ના રોજ રૂ. ૮.૧૦ના દરે રૂ. ૧ લાખનું રોકાણ કર્યું હોત તો તેની કિંમત રૂ. ૧૬.૪૭ લાખથી વધુ હોત. છેલ્લા ૫ વર્ષમાં કંપનીએ રોકાણકારોને ૧૬૦ ટકા વળતર આપ્યું છે. ચાલુ વર્ષમાં કંપનીએ ૧૨ ટકા વળતર આપ્યું છે. નિષ્ણાતોનું માનીએ તો કંપની આગામી દિવસોમાં રોકાણકારોને વધુ વળતર આપશે.. નિષ્ણાતો કંપનીના શેર પર દાવ લગાવવાની સલાહ આપી રહ્યા છે. નિષ્ણાતોનું કહેવું છે કે કંપનીના શેર વર્તમાન સ્તરથી ૧૬૦ રૂપિયા સુધી જઈ શકે છે. મીડિયા રિપોર્ટ્સમાં જેફરીઝે ટાટા સ્ટીલના શેર ખરીદવાની સલાહ આપી છે. કંપનીએ ટાટા સ્ટીલની ટાર્ગેટ કિંમત ૧૪૫ રૂપિયાથી વધારીને ૧૬૦ રૂપિયા કરી છે. જેફરીઝે એક નોંધમાં જણાવ્યું હતું કે માર્ચ અને ઓક્ટોબર વચ્ચે ૨૨ ટકા ઘટ્યા બાદ છેલ્લા બે મહિનામાં એશિયન ફ્લેટ સ્ટીલના ભાવમાં ૮ ટકાનો વધારો જોવા મળ્યો છે.




ગુજરાત કોલેજ પાસે સીએનઆઈ ચર્ચમાં ક્રિસમસ નિમિત્તે પ્રાર્થના અને સેલિબ્રેશન કરાયું હતું.

## ન્યૂઝ બ્રિફ

### અંબાજી નજીક આદિવાસી સમાજે રેલવેનું કામ બંધ કરાવ્યું

। અંબાજી, તા.૨૫ ।

બનાસકાંઠામાં આદિવાસી સમાજે રેલવેના કામને લઈને હોબાળો મચાવ્યો છે. આદિવાસી સમાજના લોકોએ ભેગા થઈને રેલવેના કામને અટકાવી દીધુ છે. આ ઘટના અંબાજી નજીક જરીવાવ ચીખલા ગામમાં બની છે. આદિવાસી સમાજના લોકોનું કહેવું છે કે, કામ અમને વિશ્વાસમાં લીધા વિના ચાલુ કરાયુ છે, અમને પૂરુપુરુ વળતર નથી મળ્યુ. જોકે, આ લડાઈમાં હવે કોંગ્રેસના ધારાસભ્ય કાંતિ ખરાડી પણ જોડાઈ ગયા છે. હાલમાં માહિતી મળી છે કે, બનાસકાંઠા જિલ્લામાં આદિવાસી સમાજના લોકોએ સરકાર સામે બાંયો ચઢાવી છે, હાલમાં જ રેલવેના કામને લઈને આદિવાસી સમાજના લોકોએ હોબાળો મચાવ્યો છે, અને કામને અટકાવી દીધુ છે. અંબાજી નજીક આવેલા જરીવાવ ચીખલા ખાતે રેલવેનું કામ ચાલી રહ્યું છે, જેને સ્થાનિક આદિવાસી સમાજના લોકોએ બંધ કરાવ્યુ છે. સ્થાનિક લોકો સાથે આ લડાઈમાં હવે કોંગ્રેસના ધારાસભ્ય કાંતિ ખરાડી પણ જોડાઈ ગયા છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે, રેલવેનું આ કામ તેઓને વિશ્વાસમાં લીધા વગર ચાલી રહ્યું છે.

### અયોધ્યાથી અક્ષત કળશ અમદાવાદ પહોંચ્યા, શ્રદ્ધાપૂર્વક પૂજન કરાયું

। અમદાવાદ, તા.૨૫ ।

૨૨ જાન્યુઆરીના દિવસે ભવ્ય અને દિવ્ય રામમંદિરમાં બિરાજમાન થશે. તે પહેલા અયોધ્યાથી અક્ષત કળશ અમદાવાદ પહોંચ્યા છે, ત્યારે શહેરના બોપલ વોર્ડમાં દરેક સોસાયટી બહાર અક્ષત કળશનું પૂજન કરવામાં આવ્યું હતું. રામ રાજ્ય અયોધ્યામાં ૨૨ જાન્યુઆરીએ રામલલ્લાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાવાનો છે. જેને લઈને તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ મહોત્સવને લઈને આમંત્રણ પત્રિકાઓની વહેંચણી પણ શરૂ થઈ છે. તો આ ઐતિહાસિક મહોત્સવ પહેલા વિવિધ સંગઠનો દ્વારા વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. ૨૨ જાન્યુઆરીના દિવસે ભવ્ય અને દિવ્ય રામમંદિરમાં રામલલ્લા બિરાજમાન થશે. તે પહેલા અયોધ્યાથી અક્ષત કળશ અમદાવાદ પહોંચ્યા છે, ત્યારે શહેરના બોપલ વોર્ડમાં દરેક સોસાયટી બહાર અક્ષત કળશનું પૂજન કરવામાં આવ્યું હતું. આ રામ મંદિર કળશ યાત્રા ૩૦ ડિસેમ્બર સુધી ચાલશે. જે બાદ ઘરે ઘરે જઈને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર્તાઓ લોકોને પ્રતિષ્ઠા મહોત્સવ સમયે દિવા પ્રગટાવી દીવાળીની જેમ ઉજવણી કરવા અપીલ કરશે.

### અમદાવાદ પોલીસે સપાટો બોલાવ્યો

# અમદાવાદ પોલીસની ડ્રિંક એન્ડ ડ્રાઈવ પહેલા જ દિવસે સફળ થઈ

। અમદાવાદ, તા.૨૫ ।

તારીખ ૨૪ ડિસેમ્બર, રવિવારના રોજ એક જ દિવસમાં અમદાવાદ શહેર ખાતે ડ્રિંક એન્ડ ડ્રાઈવ અંતર્ગત કુલ ૩૯ લોકો ઉપર FIR નોંધીને ધરપકડ કરવામાં આવ્યા છે. અમદાવાદ પોલીસની ડ્રિંક એન્ડ ડ્રાઈવ પહેલા જ દિવસે સફળ થઈ. પરંતુ ખુદ અમદાવાદ પોલીસ એવું સ્વીકારે છે કે, આ તો પોલીસ કર્મચારીઓ માટે જાહેર કરાયેલા ઈનામની અસર છે. અમદાવાદ પોલીસે ટ્વિટર પર લખ્યું કે, અમદાવાદ શહેરમાં દારૂ પીને ગાડી ચલાવનારની ધરપકડ કરનાર પોલીસ કર્મચારીને રૂપિયા ૨૦૦ ના ઈનામની જાહેરાતની અસર જોવા મળી છે. પરંતુ કમિશનર સાહેબ, શું પોલીસ કર્મીઓને ઈનામ વગર દારૂડિયા નહિ પકડાય. શું અમદાવાદના પોલીસ કર્મચારીઓને ઈનામ આપ શો તો જ કામ કરશે. જો ઈનામ મળવાની લાલચમાં અમદાવાદ પોલીસ આટલું કામ કરી શકે છે, તો તેમને બારે મહિના દારૂ પીને છાટકા કરતા લોકો કેમ દેખાતા નથી. અમદાવાદમાં દારૂ પીને ગાડી ચલાવી તો હવે ખેર નથી. નશામાં વાહન ચલાવનારાઓ વિરુદ્ધ ફરિયાદ



નોંધાશે. દારૂડિયા ચાલકોને પકડવા પોલીસને પ્રોત્સાહન રાશિ મળશે. અમદાવાદ પોલીસ દ્વારા જાહેરાત કરાઈ કે, પોલીસ કર્મચારીઓને ૨૦૦ રૂપિયાનું ઈનામ આપવામાં આવશેતારીખ ૨૪.૧૨.૨૩. ના રોજ એક જ દિવસમાં અમદાવાદ શહેર ખાતે ડ્રિંક એન્ડ ડ્રાઈવ અંતર્ગત કુલ ૩૯ લોકો ઉપર FIR નોંધીને ધરપકડ કરવામાં આવેલ

### મોટીમાત્રામાં ટ્રામાડોલ દવાનો જથ્થો ઝડપ્યો

# અમદાવાદમાં ડ્રગ્સ રેકેટની આશંકામાં પંજાબ પોલીસ દ્વારા દરોડા પાડવામાં આવ્યા

। અમદાવાદ, તા.૨૫ ।

દોઢ મહિના પહેલા પંજાબ પોલીસે NDPS હેઠળ એક ગુનો નોંધ્યો હતો.જેમાં કેટલાક આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીઓની પુછપરછમાં ખુલાસો થયો હતો કે પંજાબની જેલમાં રહેલા યોગેશ અને મેજરસિંહ નામના આરોપીઓ સાથેના કનેક્શનથી આ નશીલી દવાઓની હેરાફેરી કરવામાં આવતી હતી. અમદાવાદમાં ડ્રગ્સ રેકેટની આશંકાએ પંજાબ પોલીસે દરોડા પાડ્યા હતા.૧૪ ડિસેમ્બરના રવિવારે પંજાબ પોલીસે ચાંગોદરની ગ્લોસ ફાર્માસ્યુટિકલ કંપનીમાં દરોડા પાડ્યા હતા.દરોડા દરમિયાન પંજાબ પોલીસે મોટીમાત્રામાં ટ્રામાડોલ દવાનો જથ્થો ઝડપ્યો છે. પોલીસે ૧૪ લાખ ૭૨ હજાર જેટલી નશીલી દવાનો જથ્થો જપ્ત કર્યો છે. દોઢ મહિના પહેલા પંજાબ પોલીસે NDPS હેઠળ એક ગુનો નોંધ્યો હતો.જેમાં કેટલાક આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીઓની પુછપરછમાં ખુલાસો થયો હતો કે પંજાબની જેલમાં રહેલા યોગેશ અને મેજરસિંહ નામના આરોપીઓ સાથેના કનેક્શનથી આ નશીલી દવાઓની હેરાફેરી કરવામાં આવતી હતી.



તેના આધારે જ ઉત્તર પ્રદેશના આરોપીઓના નામ ખુલ્યા હતા. જે પછી આ કેસમાં ગુજરાત કનેક્શન પણ સામે આવ્યુ હતુ. જે પછી અમદાવાદના ચાંગોદરમાં ગ્લોસ ફાર્માસ્યુટિકલ કંપનીમાંથી નશીલી દવાઓનો જથ્થો પ્રાપ્ત થયો છે. ગુજરાત ATSને સાથે રાખી પંજાબ પોલીસે આ સમગ્ર કાર્યવાહી હાથ ધરી હતી. કંપનીના માલિક દંપતિનીની ધરપકડ કરીને હાલ અમૃતસર લઈ જવામાં આવ્યા છે. આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ રેકેટમાં અત્યાર સુધી ૧૨ની ધરપકડ કરવામાં આવી છે.

### ધાનેરામાં ઘરમાં ગેસ સિલિન્ડર ફાટ્યો, બે લોકોને ગંભીર ઈજા

। ધાનેરા, તા.૨૫ ।

બનાસકાંઠાના ધાનેરામાં ગેસ સિલિન્ડર ફાટવાની ઘટના સામે આવી છે. ઘટનામાં બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયાના સમાચાર સામે આવ્યા છે. ઘટનાને લઈ ઈજાગ્રસ્તોને સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટનાને પગલે પોલીસ સહિતની ટીમો ઘટના સ્થળે પહોંચી હતી. ધાનેરામાં ગેસ સિલિન્ડર ફાટવાની ઘટના સામે આવી છે. ધાનેરા શહેરમાં આવેલ મધુસુદન વીલા સોસાયટીમાં ગેસ સિલિન્ડર ફાટ્યો છે. ઘટનામાં બે લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે. ગંભીર ઈજાઓને લઈ બંને લોકોને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ગેસ સિલિન્ડર ફાટવાને લઈ મકાનનું રસોડું પણ જર્જરિત થયું હતુ. ઘટનાને પગલે સ્થાનિક પોલીસ સહિતના અધિકારીઓની ટીમ સ્થળ પર પહોંચી હતી. એક યુવક અને આધેડ એમ બે પુરુષોને ગેસનો બાટલો ફાટવાને લઈ ઈજા પહોંચી હતી. જે બંને હાલમાં સારવાર હેઠળ છે. જ્યાં તેઓની સ્થિતિ નિયંત્રણ હેઠળનું તબિબી સુત્રોએ જણાવ્યુ હતુ.

### ફોરેસ્ટ વિભાગે તકેદારીને ભાગરૂપે બંદોબસ્ત ગોઠવ્યો હતો

# રાજકોટ શહેર અને ગ્રામ્યમાં વધ્યા દીપડાના આંટાફેરા

**સ્થાનિકોએ વન વિભાગને જાણ કરતા વન વિભાગની ટીમે તપાસ હાથ ધરી છે છેલ્લા ૧૦ દિવસથી વન વિભાગના અધિકારીઓએ દીપડાને પકડવા પ્રયાસ કરી રહ્યા છે**

। રાજકોટ, તા.૨૫ ।

રાજકોટ શહેર અને ગ્રામ્યમાં દીપડાના આંટાફેરા દિવસે દિવસે વધી રહ્યા છે. સ્થાનિકોએ વન વિભાગને જાણ કરતા વન વિભાગની ટીમે તપાસ હાથ ધરી છે. છેલ્લા ૧૦ દિવસથી વન વિભાગના અધિકારીઓએ દીપડાને પકડવા પ્રયાસ કરી રહ્યા છે. દરરોજ દીપડાના લોકેશન તો મળે છે પરંતુ દીપડાનુ કોઈ પગેરુ મળ્યુ નથી.

અત્યાર સુધી સૌરાષ્ટ્રમાં જુનાગઢ, અમરેલી, ગીર સોમનાથમાં દીપડાનો આતંક વિશે તમે સાંભળ્યુ હશે પરંતુ હવે આ દીપડાઓ રાજકોટ સુધી આવી ગયા છે. રાજકોટ શહેર અને ગ્રામ્યમાં દીપડાના આંટાફેરાના બનાવો સામે આવી રહ્યા છે. સૌપ્રથમ શહેરની ભાગોળે આવેલા કણકોટ ગામના કૃષ્ણનગર પાસે દીપડો દેખાયો ત્યારબાદ જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં દીપડાના આંટાફેરાની અનેક ઘટના સામે આવી. થોડા દિવસ પહેલા વાગુદડ ગામે દીપડો દેખાયો. ત્યારબાદ રાજકોટ શહેરને અડીને આવેલા કણકોટના કૃષ્ણનગર પાસે દીપડો દેખાયો હતો જેને લઈને સ્થાનિકોમાં ભારે ભયનું મોજુ ફરી વળ્યુ છે.આ તરફ વન વિભાગની ટીમ એક્ટિવ થઈ છે અને અલગ અલગ સ્થળોએ પાંજરા મુકવામાં આવ્યા છે. છતા હજુ સુધી દીપડો ન પકડાતા લોકોમાં ફફડાટ વધ્યો છે. થોડા દિવસ અગાઉ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નજીક પણ દીપડો દેખાયો હતો. યુનિવર્સિટી પોલીસ સ્ટેશન પાછળ દીપડો દેખાયાની આશંકાને પગલે વનવિભાગે તપાસ હાથ ધરી હતી. જો કે ત્યારે કોઈ શંકાસ્પદ ગતિવિધિ જોવા મળી ન હતી. પરંતુ ફોરેસ્ટ વિભાગે તકેદારીને ભાગરૂપે બંદોબસ્ત ગોઠવ્યો હતો.

ગીર વિસ્તારમાં અનેકવાર સિંહ, દીપડા જેવા વન્ય પ્રાણીઓના આંટાફેરાની ઘટના અવારનવાર સામે આવે છે પરંતુ રાજકોટમાં શહેરી વિસ્તારમાં પણ દીપડાના આંટાફેરા વધતા લોકોમાં દહેશત ફેલાઈ છે.

રાજ્યમાં છેલ્લા ૧૨ વર્ષમાં દીપડાની સંખ્યા ૯૬ ટકા જેટલી વધી છે. રાજ્યમાં વર્ષ ૨૦૧૬માં દીપડાની વસ્તી ૧૩૯૫ હતી. જે વર્ષ ૨૦૨૩માં ૨૨૭૪ થઈ છે. તો ગુજરાતમાં વર્ષ ૨૦૧૧માં ૧૧૬૦ અને વર્ષ ૨૦૦૬માં ૧૦૭૦ દીપડા નોંધાયા હતા. વર્ષ ૨૦૧૧થી ૨૦૨૩ સુધીમાં રાજ્યમાં દીપડાની વસ્તી ૯૬ ટકા વધી ગઈ છે.

### પશ્ચિમ રેલવે અમદાવાદ-તિરુચ્ચિરાપલ્લી શિયાળુ સ્પેશ્યલ ટ્રેન દોડાવશે

। અમદાવાદ, તા.૨૫ ।

પશ્ચિમ રેલવે દ્વારા પ્રવાસીઓની સુવિધાને ધ્યાને રાખીને અમદાવાદ અને તિરુચ્ચિરાપલ્લી વચ્ચે અઠવાડિક શિયાળુ સ્પેશ્યલ ટ્રેન ખાસ ભાડાના દરે દોડાવવાનો નિર્ણય કર્યો છે. જેનું વર્ણન નીચે મુજબ છે.

**ટ્રેન નંબર ૦૯૪૧૯/૦૯૪૨૦ અમદાવાદ-તિરુચ્ચિરાપલ્લી-અમદાવાદ સ્પેશ્યલ કુલ ૧૦ ટ્રિપ**

ટ્રેન નંબર ૦૯૪૧૯ અમદાવાદ-તિરુચ્ચિરાપલ્લી સ્પેશ્પલ ૨૮ ડિસેમ્બર ૨૦૨૩ થી ૨૫ જાન્યુઆરી ૨૦૨૪ સુધી દરેક ગુરૂવારે અમદાવાદથી ૦૯.૩૦ વાગે ઉપડીને ત્રીજા દિવસે ૦૩.૪૫ વાગે તિરુચ્ચિરાપલ્લી પહોચશે. આ રીતે ટ્રેન નંબર ૦૯૪૨૦ તિરુચ્ચિરાપલ્લી-અમદાવાદ સ્પેશ્યલ ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ થી ૨૮ જાન્યુઆરી ૨૦૨૪ સુધી દરેક રવિવારે તિરુચ્ચિરાપલ્લીથી ૦૫.૪૦ વાગે ઉપડીને બીજા દિવસે ૨૧.૧૫ વાગે અમદાવાદ પહોચશે. માર્ગમા આ ટ્રેન વડોદરા, સુરત, વલસાડ, વાપી, વસઈ રોડ, કલ્પાણ, પુણે, સોલાપુર, કલબુરગિ,વાડી, રાયચુર, મંત્રાલયમ, ગુંટાકલ, તાડીપત્રી, કડપા, રેણિગુંટા, અરાકોણમ, પેરંબુર, ચેન્નઈ એગમોર, તામ્બરમ, ચેગલપટ્ટુ, વિલ્લુપ્પુરમ, કડલુર પોર્ટ, ચિદંબરમ, શીરકષિ, વૈદીસ્વરન કોઈલ, મઈલાડુતુરૈ, કુંભકોણમ, પાપનાશમ અને તંજાવુર સ્ટેશન પર રોકાશે. આ ટ્રેનમાં સેકંડ એસી, થર્ડ એસી, સ્લીપર ક્લાસ અને જનરલ શ્રેણીના કોચ રહેશે.

ટ્રેન નંબર ૦૯૪૧૯નું બુકિંગ ૨૬ ડિસેમ્બર ૨૦૨૩ થી પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ઓપરેટિંગ સમય, સ્ટોપેજ અને ટ્રેનની રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨